ઝાલાવાડના દિવંગત

# શબ્દસાધકો



શ્રી ઝવેરચંદ મેઘાણી

## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન

સુરેન્દ્રનગર

અધ્યક્ષ : ડૉ. સી.ટી. ટૂંડિયા
તંત્રી : ડૉ. કોમલબહેન આર. પંડ્યા
સહતંત્રી : ડૉ. રાજેનકુમાર પિતલિયા

**સલાહકાર સમિતિ**

પદ્મશ્રી જગદીશભાઈ ત્રિવેદી
શ્રી બકુલભાઈ દવે
ડૉ. બળવંતભાઈ વ્યાસ
શ્રી પંકજભાઈ ત્રિવેદી
શ્રી ગોપાલભાઈ બારોટ
શ્રી ગિરીશભાઈ ગઢવી
શ્રી ચંદ્રકાંત વ્યાસ
શ્રી વીરેન્દ્રભાઈ આચાર્ય
શ્રી દર્શક આચાર્ય
શ્રી દશરથસિંહ અસવાર
શ્રી બી. કે. રાઠોડ
ડૉ. મહેન્દ્રભાઈ શુક્લ

**સંપાદક મંડળ**

કંદર્પ રાવલ
મેહુલભાઈ દવે
ધનજીભાઈ વાલેરા
બળવંતભાઈ કાલિયા
નીલેશભાઈ ગજ્જર
દેવેન્દ્રભાઈ ધમલ
રોહિતભાઈ ત્રિવેદી
જયસુખભાઈ વાઘેલા
જીજ્ઞેશભાઈ ડી. પટેલ
સંજ્ઞાબેન આચાર્ય

## નિવાપાંજલિ...

જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર દ્વારા તૈયાર કરવામાં આવેલ ‘ઝાલાવાડના દિવંગત શબદસાધકો’ નામની પુસ્તિકા એ ઝાલાવાડના સાહિત્યકારો જે નિર્વાણ પામેલ છે તેઓને અંજલિ અર્પણ કરવાનો એક નમ્ર પ્રયાસ છે, ખિસકોલી કર્મ છે. પુસ્તિકામાં ઝાલાવાડ પ્રદેશના સાહિત્યકારોના જીવન-કવન અને સાહિત્ય પ્રદાનને સંક્ષિપ્તમાં સમાવવાનો એક નમ્ર પ્રયાસ કર્યો છે. જેમણે પોતાના જીવનકાળ દરમિયાન ગુજરાતી સાહિત્યને સમૃદ્ધ બનાવવામાં અમૂલ્ય યોગદાન આપ્યું છે.

ઝાલાવાડની ધરતી સાહિત્ય, સંસ્કૃતિ અને સંસ્કારોથી સમૃદ્ધ રહી છે. આવળ બાવળ અને બોરડીની આ ધરતી પર અનેક મૂર્ધન્ય સાહિત્યકારોએ સાહિત્ય દ્વારા સમાજને વિચાર, મૂલ્ય અને માનવતા તરફ દોરી જવાનું પાથેય પૂરું પાડ્યું છે. આ સાહિત્યસાધકો-ઉપાસકોનું સાહિત્યસર્જન અને જીવનયાત્રા સમસ્ત સમાજ માટે પ્રેરણારૂપ અને દીવાદાંડીરૂપ બની રહેશે. તેઓની કવિતા, વાર્તા, નવલકથા, નિબંધ અને અન્ય સાહિત્યસર્જન મુઠ્ઠી ઊંચેરૂં છે. તેમના સાહિત્યસર્જનમાં સમાજજીવનની માનવીય સંવેદના, સ્પંદન, ધબકાર અને રાષ્ટ્રપ્રેમની ભાવનાઓ જીવંત દેખાય છે, અનુભવાય છે.

પુસ્તિકાનો ઉદ્દેશ્ય નવી પેઢીને સાહિત્યકારોના જીવનમૂલ્યો અને સાહિત્યસર્જનથી પરિચિત કરાવવાનો અને તેમની જન્મભૂમિ-કર્મભૂમિમાં તેઓની વંદના કરવાનો પણ છે. તેમના સાહિત્ય દ્વારા સમાજને એક સંદેશો મળે છે, માર્ગદર્શન મળે છે. જે માનવીય મૂલ્યોને મજબૂત બનાવે છે.

આ પુસ્તિકા તૈયાર કરવામાં માર્ગદર્શક મંડળ અને સંકલનકારમાં સહયોગી રહેલા ગુરૂજનો પ્રત્યે આભાર-આનંદ વ્યક્ત કરું છું. સંપાદક, માર્ગદર્શક મંડળ, સંકલનકાર દ્વારા શબદરૂપી શ્રાદ્ધ નાંખ્યું છે, તર્પણ કર્યું છે. સાહિત્યકારોની ચિત્રપ્રતિમાઓ તેઓની જન્મભૂમિ-કર્મભૂમિની શાળાઓમાં લગાડવામાં આવનાર છે તે ફોટાગ્રાફનો સહયોગ પદ્મશ્રી ડૉ. જગદીશ ત્રિવેદી દ્વારા મળેલ છે, જે માટે તેઓના આભારી છીએ. આ પુસ્તિકા તૈયાર કરવામાં સંદર્ભ સાહિત્ય માટે ‘ગુજરાતી વિશ્વકોષ’ અને 'Wikipedia'નો સહયોગ લીધો છે, તેના આભારી છીએ.

‘ઝાલાવાડના દિવંગત શબદસાધકો’ પુસ્તિકા ઝાલાવાડના સાહિત્યકારોના અમૂલ્ય યોગદાનને સ્મરણ કરીને તેઓને અર્પણ કરીએ છીએ, તેમની દિવ્ય ચેતનાને કૃતજ્ઞતાપૂર્વક નમન કરીએ છીએ.

**ડૉ. સી.ટી. ટૂંડિયા**
પ્રાચાર્ય, ડાયેટ-સુરેન્દ્રનગર

**પત્રવ્યવહાર - સંપર્ક**

ફોન નં. : (૦૨૭૫૨) ૨૨૩૧૭૦
મોબાઈલ નં. ૭૫૬૭૮ ૬૫૪૬૭

E-mail : palash.dietsnr@gmail.com
Website : www.dietsnr.org
Youtube : diet surendranagar

**શ્રી ઝવેરચંદ મેઘાણી**
**જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન**
**શ્રી સ્વામિનારાયણ ગુરૂકુળ સામે, કેળવણીનો પથ, સુરેન્દ્રનગર – ૩૬૩ ૦૦૨**
E-mail : dietsurendranagar@gmail.com

## ◆ સલાહકારીય / સંપાદકીય

જે માટીમાં સાહિત્યકાર જન્મે છે તે માટીની સુગંધ તેના સર્જનમાં અનુભવાય છે. ઝાલાવાડની ધીંગી ધરામાં જન્મેલા સાહિત્યકારોનાં પરિચય નવી પેઢીને થાય તેવા શુભ આશયથી જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન-સુરેન્દ્રનગર દ્વારા શૈક્ષણિક હેતુને ધ્યાને રાખી આવી પુસ્તિકા પ્રગટ કરવાનો વિચાર આવ્યો તે અભિનંદનને પાત્ર છે.

નવી પેઢીને એક સાથે ઘણાં લબ્ધપ્રતિષ્ઠિત સર્જકો વિશે જાણકારી મળે તે ખૂબ પ્રેરક બાબત છે. આ માટે સુરેન્દ્રનગર જિલ્લાનાં કેટલાંક નિષ્ઠાવાન શિક્ષકોએ વિવિધ સ્ત્રોતો દ્વારા માહિતી એકઠી કરી સંકલિત કરી છે. તજજ્ઞશ્રીઓએ ઉપયોગી માર્ગદર્શન અને પરામર્શનનું કાર્ય કર્યું છે. કદાચ એવું બન્યું હોય કે કોઈ સાહિત્યકારની વિગત ન મળી હોય કે નામ પણ ધ્યાનમાં ન આવ્યું હોય તો તે ક્ષમ્ય ગણશો. સાહિત્યનું ક્ષેત્ર ખૂબ મોટું છે અને ઉદાહરણરૂપ કાર્ય કરવામાં કંઈક ચૂકી જવાય તે સહજ વાત છે. પણ પ્રયત્ન પુરેપુરો કર્યો છે.

સાહિત્ય સર્જકોનો પરિચય માત્ર પરિચય નથી રહેતો, તેનાથી પ્રેરણા પણ મળે છે. આપણાં વિસ્તારમાં કેવા કેવા સાહિત્યકારો થયા અને તેમના વિપુલ સર્જનથી અજાણ સૌને એક નવી જાણકારી મળે છે. તેમના સર્જનમાંથી આ ધરતીની સંવેદના અને ખાસીયતો અનુભવાય છે. દા.ત. પ્રજારામ રાવળની કવિતા 'આ ઝાલાવાડી ધરતી' દ્વારા આ વિસ્તારનું આબેહૂબ ચિત્ર જોવા મળે છે.

કવીશ્વર દલપતરામથી લઈને મીનપિયાસી, દેવશંકર મહેતા, આર.સી.મારૂ, રમેશ આચાર્ય તથા અતુલ વ્યાસ જેવા અનેક પ્રતિષ્ઠિત સાહિત્યકારોનો પરિચય મેળવવામાં આ પુસ્તક ખૂબ ઉપયોગી નીવડશે.

આ પુસ્તકમાં દિવંગત સાહિત્યકારોનો જ પરિચય છે. આ પરિચય પુસ્તક વાંચ્યા પછી વર્તમાન સાહિત્યકારો વિશે પણ સૌ માહિતી મેળવવા પ્રેરાશે.

સર્જન કલા છે. કલા સંસ્કૃતિને જીવંત રાખે છે. સર્જક હૈયાત ન હોય તોય તે અક્ષરદેહે શાશ્વત બને છે. સાહિત્યકાર સાહિત્ય સર્જન દ્વારા સમાજને ચિંતન કરવા પ્રેરે છે. તેની સંવેદના જાગૃત થાય છે અને ભૂતકાળનું ગૌરવ અનુભવતો થાય છે.

'ઝાલાવાડના દિવંગત શબદસાધકો' પુસ્તિકાના પ્રગટીકરણનો પ્રયાસ ઉત્તમતાનું નિમિત્ત બનશે એવી આશા છે, અપેક્ષા છે તથા શ્રદ્ધા છે.

**સલાહકાર સમિતિ / સંપાદક મંડળ**

## ◆ કવીશ્વર દલપતરામ ડાહ્યાભાઈ ત્રવાડી



**જન્મ : ૨૧ જાન્યુઆરી, ૧૮૨૦● સ્વર્ગવાસ : ૨૫ માર્ચ, ૧૮૯૮**

**જન્મ સ્થળ : વઢવાણ (સુરેન્દ્રનગર)**

**પરિચય :**

અર્વાચીન ગુજરાતી સાહિત્યના પ્રભાતની નેકી પોકારનાર બે મુખ્ય કવિઓમાંથી એક એટલે દલપતરામ. બાળ દલપતે ભણવાની શરૂઆત પિતાની યજ્ઞશાળામાં કરેલી. પિતાએ આઠ વર્ષના દલપતને દેવનાગરી મૂળાક્ષરો શીખવાડ્યા. નવ વર્ષની વયે તેમને માવજી પંડ્યાની ધૂળી નિશાળે મૂક્યા. ૧૮૩૪ થી ૧૮૪૧ દરમિયાન મૂળીમાં રહીને તેમણે સ્વામી દેવાનંદ પાસે છંદશાસ્ત્ર, અલંકારશાસ્ત્ર અને ભાષાનો અભ્યાસ કર્યો. ૧૮૪૭માં અમદાવાદના સ્વામિનારાયણ મંદિરમાં સંસ્કૃતનો અભ્યાસ કર્યો. ૧૮૫૪માં ફાર્બસની ભલામણથી સાદરામાં મહેસુલી ખાતામાં જોડાયા. ૧૮૫૫માં ગુજરાત વર્નાક્યુલર સોસાયટીનું વહાણ અસ્થિર થતા દલપતરામે સરકારી નોકરી તજીને સોસાયટીનું મંત્રીપદ સ્વીકાર્યું.

**કાવ્યવિશ્વ :**

દલપતરામની કવિતા જૂની પદ્ધતિની ગણાય છે. કથનની ચતુરાઈ તેમની કવિતાનું મહત્વનું અંગ છે. નીતિ શુદ્ધ વિચારશ્રેણી એ દલપત કાવ્યનું બીજું લક્ષણ છે. પોતાની કવિતાનો તેમણે ‘પત્રપુષ્પવાળી શ્રીમાળી તણી છાબ છે’ એમ પરિચય આપેલો. તેમની કવિતામાં તેમણે સત્ય, ન્યાય, દયા, પરોપકાર થકી માનવતાનો ઉપદેશ આપ્યો છે. ‘બાપાની પીપર’ (૧૮૪૫) અર્વાચીનતાની પ્રથમ ઝાંખી કરાવનાર જાણીતું પ્રકૃતિકાવ્ય છે. તેમની કાવ્યસૃષ્ટિ વિવિધ પ્રકૃતિના પચરંગી પાત્રોથી ભરચક છે. દલપતરામની કવિતા બોધપ્રધાન હોવા છતાં કંટાળો આપતી નથી તેનું મુખ્ય કારણ તેમાં સતત વહેતી હાસ્યની સેર છે.

‘ઊંટ કહે : આ સભામાં, વાંકા અંગવાળા ભૂંડા; ભૂતળમાં પક્ષીઓને પશુઓ અપાર છે;’

જે એમની લોકમુખે ચડેલી કવિતા છે.

**સાહિત્ય કૃતિઓ :**

૧. ‘દલપતકાવ્ય’ ભાગ ૧-૨ (૧૮૭૯, ૧૮૮૫)

૨. ‘કાવ્યદોહન’ : ભાગ - ૧, ૨ (૧૮૬૦, ૧૮૬૩)

૩. ‘શામળ- સતશઈ’ (પાંચમી આવૃત્તિ ૧૯૨૨)

૪. ‘કથન સપ્તશતી’ (૧૮૫૨)

૫. ‘દલપતપિંગળ’ (૧૮૬૨)

૬. ‘હરિલીલામૃત’ (૧૮૯૦-૧૮૯૭)

**પારિતોષિકો :**


ગુજરાતી ભાષાની સેવા બદલ રાણી વિક્ટોરિયાના દરબારમાં દલપતરામને શાલ-પાઘડીનો સરપાવ મળેલ છે અને સી.આઈ.ઈ. (કમ્પેનિયન ઑવ્ ઇન્ડિયન એમ્પાયર)નો ઈલકાબ મળેલ છે.

## ◆ શ્રીમન્ નથુરામ શર્મા

પ્રાકટ્ય : વિક્રમ સંવત ૧૯૧૪ ના આશ્વિન સુદી–૪

સ્વરૂપાવસ્થાન : વિક્રમ સંવત ૧૯૮૭ ના આશ્વિન વદી–૧૧

જન્મ સ્થળ : મોજીદડ તા. ચુડા (જિ. સુરેન્દ્રનગર)



**પરિચય :**

શ્રીમન્ નથુરામ શર્મા સૌરાષ્ટ્રના એક મહાન સંત, પ્રખર ચિંતક અને સનાતન ધર્મના પ્રખર સંરક્ષક હતા. ૧૮૫૮માં મોજીદડ ખાતે જન્મેલા નાથજીએ પ્રારંભિક જીવનમાં શિક્ષક તરીકે સેવા આપી હતી. આ સમય દરમિયાન પણ તેઓ લોકોને આધ્યાત્મિક ચર્ચાઓ દ્વારા જ્ઞાન પીરસતા. સંસાર ત્યાગીને હિમાલયમાં અષ્ટાંગ યોગની કઠોર સાધના કર્યા બાદ તેઓ ‘નાથ ભગવાન’ તરીકે સુપ્રસિદ્ધ થયા.

**સંસ્થાગત અને શૈક્ષણિક પ્રદાન :**

તેમણે જૂનાગઢ પાસેના બીલખામાં ‘આનંદાશ્રમ’ની સ્થાપના કરી, જે શાસ્ત્રોના પઠન-પાઠન અને આધ્યાત્મિક પ્રવૃત્તિઓનું કેન્દ્ર બન્યું. ધર્મપ્રચાર માટે તેમણે કરાંચી, અમદાવાદ અને પોરબંદર જેવા અનેક શહેરોમાં આશ્રમો સ્થાપ્યા. સનાતન ધર્મના ઉપદેશકો તૈયાર કરવા માટે તેમણે બીલખામાં ‘શ્રી દક્ષિણામૂર્તિ સનાતન ધર્મવિદ્યાલય’ અને સંસ્કૃત પાઠશાળાનું નિર્માણ કર્યું.

**સાહિત્ય અને પ્રભાવ :**


તેમણે ભક્તિ, જ્ઞાન અને યોગ વિષયક ૧૧૭ જેટલા ગ્રંથોની રચના કરી છે. જેમાં ‘વેદાંતદર્શન’, ‘પાતંજલ યોગદર્શન’ અને ‘સદુપદેશ દિવાકર’ જેવા ગ્રંથો મુખ્ય છે. તેમનો પ્રભાવ માત્ર સામાન્ય જનતા પર જ નહીં, પરંતુ ગુજરાતના દિગ્ગજ સાહિત્યકારો અને કેળવણીકારો જેવા કે ધૂમકેતુ, નાનાભાઈ ભટ્ટ અને ગિજુભાઈ બધેકા પર પણ ઊંડો હતો. ભાવનગરની પ્રસિદ્ધ ‘દક્ષિણામૂર્તિ’ સંસ્થાની સ્થાપના નાનાભાઈ ભટ્ટે તેમની જ પ્રેરણાથી કરી હતી.

૧૯૪૧માં નિર્વાણ પામેલા નાથજીએ પોતાના શિષ્યો અને ગ્રંથો દ્વારા સનાતન ધર્મની જ્યોત ભારતમાં જ નહીં પણ વિદેશોમાં પણ પ્રજ્વલિત રાખી છે.

## ◆ દાસ સવો (સવારામ)

**પ્રાકટ્ય : વિક્રમ સંવત ૧૯૧૭, મહા સૂદ પૂનમ**

**સમાધિ : વિક્રમ સંવત ૨૦૧૭, વૈશાખ વદ અગિયારસ**



માતુશ્રી છે કાશીમા, પિતા કૃષ્ણ મુજ તાત;
સ્વામી ફૂલગરજી સદ્ગુરૂ સદા, સવો નીજ દાસ.

**પરિચય :**

દાસ સવાનો જન્મ વિક્રમ સંવત ૧૯૧૭ મહાસુદ પૂનમના દિવસે પ્રજાપતિ જ્ઞાતિમાં પિતા કરશનદાસ તથા માતુશ્રી કાશીમાના કૂખે પાટડી તાલુકાના પીપળી ગામે થયો હતો. માતાપિતા બંને આધ્યાત્મિક. ‘ટુકડો, ત્યાં હરિ ઢુકડો’ના મંત્રને ચરિતાર્થ કરી જીવન જીવી ગયાં. દાસ સવાના ગુરૂ ફૂલગિરિ ગોસ્વામી દશનામી અતિત સાધુ હતા. તેઓ ધાંગધ્રા તાલુકાના સોખડા ગામના વતની હતા.

**ભક્તિસાહિત્ય :**

દાસ સવાએ અનેક પદો રચ્યા છે. ગુજરાતની કોઈ સંતવાણીનો કાર્યક્રમ એવો નહીં હોય કે જેમાં દાસ સવાની રચના ગાવામાં આવી ના હોય. ગુજરાતના સંતવાણીના કલાકારો તેમના કાર્યક્રમમાં દાસ સવાની રચના નિત્ય ગાઈને રજૂ કરતા હોય છે. તેમની કેટલીક પ્રખ્યાત રચનાઓ...

- ગગનગઢ રમવાને હાલો
- અલખ મિલન કે કાજ ફકીરી
- કોઈ નીરખી લ્યો નીજ સ્વરૂપ
- આ ચોઘડીએ મારા નોધારાના નાથ
- અંગૂઠો મરડીને પિયુને જગાડ્યા
- મેં સિપાહી સદ્ગુરૂ કા
- દેહનો દેવળ ચણાયો મેરે


**વચન :**

‘જે બોલતો છે તે હું જ છું, તે સિવાય બીજો કોઈ દેવ નથી. સર્વ કાંઈ તેના થકી જ છે. અલખની સત્તા મહાન છે. તારામાં જે ચેતન છે, તે જ તારૂ સ્વરૂપ છે તેને તું જરા પણ ભૂલતો નહીં. તારામાં જે બોલતો છે તે તારો ભગવાન છે, જેનું સ્મરણ કરજે. મન શાંત થયા પછી જ એનું ધ્યાન થશે. ધ્યાન વિના મન શાંત થતું નથી.’

**નિર્વાણ :**

વિક્રમ સંવત ૨૦૧૭ના વૈશાખ વદ અગિયારસને બુધવારે સવારે સવા અગિયાર વાગ્યે.

## ◆ કવિ ન્હાનાલાલ દલપતરામ ત્રવાડી



**જન્મ : ૧૬ માર્ચ, ૧૮૭૭ ● સ્વર્ગવાસ : ૯ જાન્યુઆરી, ૧૯૪૬**

**જન્મ સ્થળ : અમદાવાદ તખ્ખલુસ : પ્રેમભક્તિ**

**પરિચય :**

ન્હાનાલાલ દલપતરામ ત્રવાડી ગુજરાતી સાહિત્યના અગ્રગણ્ય કવિ હતા. તેઓ પ્રસિદ્ધ કવિ દલપતરામના પુત્ર હતા. ન્હાનાલાલે ગુજરાતી કાવ્યમાં સંગીતમયતા, સૌંદર્યબોધ અને ભાવુકતાનો નવો રંગ ભર્યો. તેમની કવિતાઓમાં શ્રૃંગાર, ભક્તિ અને દેશપ્રેમનો સુમેળ જોવા મળે છે. 'વૈશ્વિકપ્રેમ' અને 'માનવતા' જેવાં વિષયો તેમના સાહિત્યમાં મુખ્ય રહ્યા. તેઓ ગુજરાતી કાવ્યમાં અલંકારિક અને કલાત્મક શૈલી માટે જાણીતા છે. ગુજરાતી સાહિત્યમાં ન્હાનાલાલનું સ્થાન અતિ મહત્વપૂર્ણ માનવામાં આવે છે.

**સાહિત્યસર્જન :**

✦ વસંતોત્સવ (૧૮૯૮) - પ્રકૃતિ અને યુવાનીના ઉલ્લાસને વ્યક્ત કરતું પ્રારંભિક કાવ્ય.
✦ ઈન્દુકુમાર (૧૯૦૯) - પ્રેમભાવના અને કલ્પનાશીલતાથી ભરેલું નાટ્યકાવ્ય.
✦ જયાજયંત (૧૯૧૪) - આદર્શવાદ અને નૈતિકમૂલ્યો દર્શાવતું નાટક.
✦ સ્નેહમુદ્રા (૧૯૧૫) - લાગણી અને સ્નેહભાવનું કલાત્મક અભિવ્યક્તિ કરતું કાવ્ય.
✦ ચિત્રદર્શનો (૧૯૨૧) - વિવિધ જીવનદર્શનોને કાવ્યરૂપે રજૂ કરતો સંગ્રહ.
✦ વિશ્વગીત (૧૯૨૭) - માનવતા અને વૈશ્વિક પ્રેમનો સંદેશ આપતું કાવ્ય.
✦ કુરૂક્ષેત્ર (૧૯૪૨) - મહાભારત પ્રેરિત તત્વચિંતનાત્મક કાવ્યરચના.


**પારિતોષિકો :**

ન્હાનાલાલને તેમના જીવનકાળ દરમિયાન વિશેષ રાજ્ય કે રાષ્ટ્રીય સ્તરના ઔપચારિક સાહિત્ય પારિતોષિકો મળ્યા નહોતા, કારણ કે તે સમયગાળા દરમિયાન આજના જેવી પુરસ્કાર પ્રણાલી વિકસિત નહોતી.

પરંતુ-

✦ તેમને ગુજરાતી સાહિત્ય જગતમાં અત્યંત માન-સન્માન પ્રાપ્ત થયું હતું.
✦ વિવિધ સાહિત્ય મંડળો અને સભાઓ દ્વારા તેમનું સન્માન કરવામાં આવતું હતું.
✦ તેમને 'રસકવિ' તરીકે વિશેષ ઉપાધિ મળી, જે તેમની કાવ્યપ્રતિભાનો સ્વીકાર દર્શાવે છે.
✦ ન્હાનાલાલનું સાચું પારિતોષિક એટલે વાચકોનો પ્રેમ અને ગુજરાતી સાહિત્યમાં મળેલું અવિસ્મરણીય સ્થાન.

## ◆ પંડિત સુખલાલજી



**જન્મ : ૮ ડિસેમ્બર, ૧૮૮૦**
**સ્વર્ગવાસ : ૨ માર્ચ, ૧૯૭૮**
**જન્મ સ્થળ : લીમલી તા. મુળી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

પંડિત સુખલાલજી જૈન ધર્મ અને ભારતીય તત્વવિદ્યાના એક પ્રકાંડ વિદ્વાન હતા. જૈન વેપારી કુટુંબમાં જન્મેલા અને નાની ઉંમરે દ્રષ્ટિ ગુમાવવા છતાં (પ્રજ્ઞાચક્ષુ હોવા છતાં) તેમણે પોતાની અજોડ જ્ઞાનસાધના દ્વારા ભારત અને વિદેશમાં એક શ્રદ્ધેય મનીષી તરીકે નામના મેળવી હતી.

**સાહિત્યિક કૃતિઓ અને સંપાદન :**

તેમનું સૌથી મૂલ્યવાન પ્રદાન સિદ્ધસેન દિવાકર રચિત 'સન્મતિતર્ક'નું સંપાદન છે જે તેમણે ૧૯૨૦ થી ૧૯૩૨ દરમિયાન પંડિત બેચરદાસ દોશીના સહયોગમાં છ ભાગમાં પૂર્ણ કર્યું હતું. આ ઉપરાંત, તેમણે ૧૯૩૦માં 'તત્વાર્થસૂત્ર'નું પણ સચોટ સંપાદન કર્યું હતું. તેમના અન્ય નોંધપાત્ર ગ્રંથોમાં નીચે મુજબના સર્જનોનો સમાવેશ થાય છે :

દર્શન અને ચિંતન (૧૯૫૭) : બે ભાગમાં વિભાજિત આ ગ્રંથમાં ધર્મ, સમાજ, રાજનીતિ અને કેળવણી જેવા વૈવિધ્યસભર વિષયો પરના તેમના ગહન લેખો સંગ્રહિત છે.


તાત્વિક કૃતિઓ : 'અધ્યાત્મવિચારણા' (૧૯૫૬), 'ભારતીય તત્વવિદ્યા' (૧૯૫૯) અને 'જૈન ધર્મનો પ્રાણ' (૧૯૬૨).

**ચરિત્ર લેખન અને આત્મકથા :**

તેમણે મહાન વિભૂતિઓના જીવન ચરિત્રો પણ આલેખ્યા છે, જેમાં 'ચાર તીર્થંકર' (૧૯૫૯) અને 'સમદર્શી આચાર્ય હરિભદ્ર' (૧૯૬૧) મુખ્ય છે. તેમના અવસાન બાદ ૧૯૮૦માં તેમનું આત્મવૃત્તાંત 'મારું જીવનવૃત્ત' પ્રકાશિત થયું હતું. જે તેમના જીવનસંઘર્ષ અને વિદ્વતાનો પરિચય આપે છે.

ટૂંકમાં, પંડિત સુખલાલજીએ પોતાની શારીરિક મર્યાદાઓને ઓળંગીને જૈનદર્શન અને ભારતીય ચિંતન જગતને અમૂલ્ય વારસો આપ્યો છે.

## ◆ સ્વામી આનંદ



**જન્મ : ૮ સપ્ટેમ્બર, ૧૮૮૭● સ્વર્ગવાસ : ૨૫ જાન્યુઆરી, ૧૯૭૬**

**જન્મ સ્થળ : શિયાણી તા. લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

પૂર્વાશ્રમનું નામ : હિંમતલાલ રામચન્દ્ર દવે (દૂધરેજીયા/ દ્વિવેદી)

ઉપનામ/દીક્ષા નામ : સ્વામી આનંદ

(તેઓ 'સ્વામી દાદા' તરીકે પણ ઓળખાતા)

**પરિચય :**

સ્વામી આનંદ એક અનોખા સાધુ, સ્વાતંત્ર્યસેનાની અને ઉચ્ચ કોટિના સાહિત્યકાર હતા. લગ્નના વિરોધમાં ૧૦ વર્ષની નાની ઉંમરે ગૃહત્યાગ કર્યો અને રામકૃષ્ણ મિશનમાં જોડાઈ સંન્યાસ લીધો.

**ગાંધીજી સાથેનો સંબંધ :**

તેઓ ગાંધીજીના નિકટના સાથી હતા. ગાંધીજીના 'નવજીવન' અને 'યંગ ઇન્ડિયા' સાપ્તાહિકોના મુદ્રક અને પ્રકાશક તરીકે તેમણે મહત્વની ભૂમિકા ભજવી હતી. ગાંધીજીને તેમની આત્મકથા 'સત્યના પ્રયોગો' લખવા માટે પ્રેરણા પૂરી પાડવામાં સ્વામી આનંદનો મોટો ફાળો હતો. તેમણે બારડોલી સત્યાગ્રહમાં સરદાર વલ્લભભાઈ પટેલના અંગત મદદનીશ તરીકે સેવા આપી હતી. આ ઉપરાંત તેમણે આદિવાસી અને પછાત વર્ગના લોકો માટે રચનાત્મક કાર્યો કર્યા હતા.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**


તેમના સાહિત્યમાં લોકબોલીના તળપદા શબ્દો અને પાત્રાલેખનની સચોટતા જોવા મળે છેઃ

- ચરિત્રકથાઓ : કુળકથાઓ, ધરતીનું લૂણ, સંતોના અનુજ, નઘરોળ, મોતને હંફાવનારા
- પ્રવાસ અને અન્ય : બરફ રસ્તે બદરીનાથ, ઉત્તરાપથની યાત્રા, ઇશુનું બલિદાન, ધરતીની આરતી
- સંસ્મરણો : ગાંધીજીના સંસ્મરણો

**એવોર્ડ અને સન્માન :**

સાહિત્ય અકાદમી પુરસ્કાર (દિલ્હી) : વર્ષ ૧૯૬૯માં તેમના પુસ્તક 'ધરતીનું લૂણ' માટે આ પુરસ્કાર જાહેર કરવામાં આવ્યો હતો. જોકે, સાધુજીવનની અલિખિત આચારસંહિતા અને અલિપ્તતાના કારણે તેમણે આ પુરસ્કાર સ્વીકાર્યો ન હતો.

## ◆ જુગતરામ ચીમનલાલ દવે



**જન્મ : ૧ સપ્ટેમ્બર, ૧૮૯૨ ● સ્વર્ગવાસ : ૧૪ માર્ચ, ૧૯૮૫**

**જન્મ સ્થળ : લખતર (જિ. સુરેન્દ્રનગર) તખલ્લુસ : વેડછીનો વડલો**

**પરિચય :**

જેમનો જન્મદિવસ 'સેવાદિન' તરીકે ઉજવાય છે તેવા જુગતરામે પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વઢવાણ, ધ્રાંગધ્રા અને મુંબઈમાં લીધું હતું. ગાંધીવિચારથી પ્રભાવિત થઈ પોતાનું આયખું દીન-દુઃખિયા અને પીડીતો માટે સમર્પિત કરવાનું નક્કી કરી અને આદિવાસી સેવાની ધૂણી ધખાવી દક્ષિણ ગુજરાતમાં વેડછીમાં સ્થાયી થયા હતા.

ગાંધીમાર્ગે ચાલી અને ટકી શકે તેવા સેંકડો કાર્યકરો તેમણે તૈયાર કર્યા છે. તેમના તપના બળે એક સમયે આખા ભારતની આદિવાસીનીતિ વેડછીના આશ્રમથી નક્કી થતી. તેમણે આઝાદીના આંદોલનમાં ભાગ લઈ નવ વર્ષનો જેલવાસ પણ ભોગવ્યો હતો. નવજીવન, યંગ ઈન્ડિયા અને બારડોલી સત્યાગ્રહ પત્રિકાનું સંચાલન પણ કર્યું હતું.

**પુસ્તકો અને કૃતિઓ :**

એમનું કાવ્ય સર્જન પ્રાસંગિક તેમજ ઉચ્ચ ગુણવત્તાવાળુ છે. બાળસાહિત્ય અને બાળશિક્ષણમાં પણ એમની અધિક રૂચી રહી છે. એમના સાહિત્ય સર્જનમાં ભગવદગીતાનો ઊંડો પ્રભાવ રહ્યો છે. આત્મરચના અથવા આશ્રમ કેળવણી, ગાંધીજી, કૌશિક આખ્યાન, જુગતરામના પાઠો, ચાલણ ગાડી, આંધળાનું ગાડું જેવા અનેક પુસ્તકોનું તેમણે સર્જન કરેલું છે. સ્વરાજ્ય યુગમાં સેંકડો ભાષણો અને અનેક ગ્રંથો ન કરી શકે તે કામ 'આંધળાનું ગાડું' નામના નાટકે કર્યું હતું. ભારત દેશને આઝાદી મળ્યા પછી એમણે ઇ.સ ૧૯૭૧ થી ૧૯૭૮ સુધી 'વટવૃક્ષ' માસિકનું સંપાદન કર્યું.

મારી જીવનકથા તેમની આત્મકથા છે. જુગતરામ દવે રચિત એક પ્રસિદ્ધ પ્રાર્થનાની પંક્તિ 'અંતરપટ અદીઠ, ખોલને હરિ, અંતરપટ અદીઠ' આજે પણ લોક હૃદયસ્થ છે.

**એવોર્ડ અને સન્માન :**

- આદિવાસીઓના ઉત્થાન અને ગ્રામીણ વિકાસ માટે કરેલા પાયાના કાર્યો માટે ૧૯૭૮ માં 'જમનાલાલ બજાજ' એવોર્ડથી તેમનું સન્માન થયું હતું.
- સાહિતિક પ્રદાન ખાસ કરીને તેમને આત્મકથા અને અન્ય સાહિત્ય કૃતિઓ માટે ૧૯૭૮માં 'નર્મદ સુવર્ણચંદ્રક' એનાયત કરવામાં આવ્યો હતો.
- નિસ્વાર્થ સમાજસેવા અને દેશના ઘડતરમાં ફાળો આપવા બદલ 'પદ્મભૂષણ એવોર્ડ'થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## ◆ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી



**જન્મ : ૨૮ ઓગસ્ટ, ૧૮૯૬ ● સ્વર્ગવાસ : ૦૯ માર્ચ, ૧૯૪૭**

**જન્મ સ્થળ : ચોટીલા (સુરેન્દ્રનગર)**

**પરિચય :**

**રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીનું જીવન :**

પવિત્ર પાંચાળની ભૂમિ ચોટીલામાં ઝવેરચંદ મેઘાણીનો ૨૮મી ઓગસ્ટને ૧૮૯૬ (વિક્રમ સંવત ૧૯૫૨, નાગપંચમી)ના દિવસે જન્મ થયો હતો. મેઘાણીના પિતાશ્રી ચોટીલાના સુબેદાર હોઈ તેમનો જન્મ પોલીસ ક્વાટર્સમાં થયો હતો. મૂળ વતન તો અમરેલી જિલ્લાનું બગસરા. ચોટીલામાં જન્મ થયો હતો તેથી મેઘાણીની 'પહાડનું બાળક' તરીકેની ઓળખ પ્રસ્થાપિત થયેલી છે. ઝવેરચંદ મેઘાણીના અનેક ઉપનામોમાં 'વિલાપી', 'વિરાટ', 'શાણો', 'સાહિત્યયાત્રી', 'તંત્રી' અને 'દ.સ.ણી.' છે.

ઝવેરચંદ મેઘાણી એટલે...

રાષ્ટ્રીય શાયર, શબદનો સોદાગર અને માણીગર, લોકવિદ્યાવિદ્દ, નીડર પત્રકાર, સમર્થ સાહિત્યકાર અને ગુજરાતી સાહિત્યનો ટપાલી. મેઘાણીએ સૌરાષ્ટ્રના ખોરડેખોરડે, નેહડેનેહડે, ગામેગામ લોકસાહિત્યનાં સંશોધન માટે રખડપટ્ટી કરી છે, પરકમ્મા કરી છે. તેઓ ગુજરાતી સાહિત્યનાં કવિ, નવલકથાકાર, વાર્તાકાર, લોકસાહિત્યના સંશોધક-સંપાદક, વિવેચક અને અનુવાદક હતાં. ગાંધીજીએ ઝવેરચંદ મેઘાણીને 'રાષ્ટ્રીય શાયર' તરીકે સંબોધન કર્યું હતું.

**સાહિત્યિક પ્રદાન :**

કવિતા સર્જનકાર્યમાં તેમણે પ્રથમ 'વેણીનાં ફૂલ' નામનો સંગ્રહ ઈ.સ. ૧૯૨૬માં બહાર પાડ્યો. મેઘાણીએ ચાર નાટક, સાત નવલિકા સંગ્રહ, તેર નવલકથા, છ ઈતિહાસ, તેર જીવનચરિત્રની તેમણે રચના કરી હતી. લોકસેવક રવિશંકર મહારાજની અનુભવેલ કથાઓનું માણસાઈના દિવામાં વાર્તારૂપે નિરૂપણ કર્યુ છે. મેઘાણી તેમના લોકસાહિત્યમાં સૌરાષ્ટ્રની ધિંગી તળપદી બોલીની તેજસ્વિતા અને તાકાત પ્રગટાવી શક્યા છે. તુલસીક્યારો, યુગવંદના, કંકાવટી, સોરઠી બહારવટિયા, સૌરાષ્ટ્રની રસધાર, અપરાધી વગેરે તેમનું નોંધપાત્ર સર્જન છે.

**સન્માન :**

ઈ.સ. ૧૯૨૮માં તેમને લોકસાહિત્યમાં તેમનાં યોગદાન બદલ રણજિતરામ સુવર્ણચંદ્રક સન્માન. ભારતીય ટપાલ વિભાગ દ્વારા ૧૪ સપ્ટેમ્બર ૧૯૯૯ના રોજ તેમના સન્માનમાં ટપાલ ટિકિટ બહાર પાડવામાં આવી હતી.

**મૃત્યુ :**

તારીખ ૦૯મી માર્ચ ૧૯૪૭નાં દિવસે, ૫૦ વર્ષની ઉંમરે, હૃદયરોગના હુમલામાં બોટાદ સ્થિત નિવાસસ્થાને મૃત્યુ થયું હતું.

## ◆ શંભુદાન ગઢવી 'દેવાનંદ સ્વામી'



પ્રાકટ્ય : ૧૮૦૩

અક્ષરનિવાસી : ૨૫ માર્ચ, ૧૮૫૪

જન્મ સ્થળ : બળોલ તા.લીંબડી (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

સ્વામિનારાયણ સંપ્રદાયના અષ્ટ સંતકવિઓમાંના એક દેવાનંદ સ્વામી (૧૮૦૩-૧૮૫૪) નો જન્મ બળોલ (જિ. સુરેન્દ્રનગર) ખાતે થયો હતો. પૂર્વાશ્રમમાં 'દેવીદાન ગઢવી' તરીકે ઓળખાતા. આ કવિએ ભગવાન સ્વામિનારાયણ પાસેથી દીક્ષા મેળવી હતી. તેમણે બ્રહ્માનંદ સ્વામી પાસે કાવ્યશાસ્ત્ર અને પિંગળનું શિક્ષણ મેળવ્યું હતું અને જીવનપર્યંત મૂળી મંદિરના મહંત તરીકે સેવા આપી હતી.

**સાહિત્ય સર્જન અને મુખ્ય કૃતિઓ :**

દેવાનંદ સ્વામીએ ગુજરાતી, વ્રજ અને રાજસ્થાની ભાષામાં આશરે ૧,૨૦૦ જેટલા પદોની રચના કરી છે. તેમના સર્જનમાં મુખ્યત્વે વૈરાગ્યબોધ અને ભક્તિનો પ્રવાહ વહે છે.

**લોકપ્રિય પદો :**

'માણસનો અવતાર મોંઘો નહિ મળે ફરી', 'તારા માથે નગારાં વાગે મોતનાં રે', અને 'કર પ્રભુ સંગાથે દ્રઢ પ્રીતડી રે'. તેમના પદોમાં ભોજાભગતના ચાબખા જેવી વેધકતા અને સચોટ ઉપાલંભ જોવા મળે છે, જે સંપ્રદાયની બહાર પણ ખૂબ ખ્યાતિ પામ્યા છે.

**સન્માન અને વિશેષતા :**

તેઓ માત્ર કવિ જ નહીં, પણ વિવિધ રાગિણીઓના કુશળ ગાયક અને સિતાર વાદક પણ હતા. તેમનું સૌથી મોટું સન્માન એ છે કે તેઓ અર્વાચીન ગુજરાતી કવિતાના પિતામહ કવીશ્વર દલપતરામના કાવ્યગુરૂ હતા. તેમણે દલપતરામને 'છંદશૃંગાર' અને 'ભાષાભૂષણ' જેવા ગ્રંથો દ્વારા પિંગળ અને અલંકારશાસ્ત્રનું ઊંડું જ્ઞાન આપ્યું હતું. મધ્યકાલીન સાહિત્યને સમૃદ્ધ કરવામાં તેમનું પ્રદાન અતુલનીય છે.

## ◆ રામનારાયણદાસ નાગરદાસ પાઠક



**જન્મ : ૨૩ ફેબ્રુઆરી, ૧૯૦૫ ● સ્વર્ગવાસ : ૪ જુલાઈ, ૧૯૮૮**

**જન્મ સ્થળ : ભોળાદ (જિ. અમદાવાદ)**

**પરિચય :**

પરિચિત વર્તુળમાં 'રામભાઈ' નામથી જાણીતા થયા. અગ્રીમ સ્વાતંત્ર્ય સેનાની, સંસ્કૃત ભાષા સાહિત્યના વિદ્વાન, સાહિત્યકાર, કેળવણીકાર, રચનાત્મક કાર્યકર અને ઉત્તમ વાર્તાકાર.

**અભ્યાસ :** ૧૩ વર્ષની ઉંમરે સંસ્કૃત પાઠશાળા (લાઠી)માં બે વર્ષ સંસ્કૃત સાહિત્યનો અભ્યાસ કર્યો. મહામહોપાધ્યાયના વિશેષ અભ્યાસ માટે કાશી મોકલવાના હતા. પરંતુ પૂજ્ય ગાંધીજીના વિચારોના પ્રભાવ નીચે જીવનની દિશા બદલાઈ.

શ્રી ફૂલચંદભાઈ શાહ પાસે રાષ્ટ્રીય શાળા, વઢવાણમાં અભ્યાસ. ગુજરાત વિદ્યાપીઠની 'વિનીત' પરીક્ષા પસાર કરી. ગિજુભાઈ બધેકાનાં દક્ષિણામૂર્તિ બાલ અધ્યાપન મંદિરમાંથી 'નૂતન બાલશિક્ષક'નું પ્રમાણપત્ર મેળવ્યું. બાળકેળવણીના લેખક અને પ્રસારક તરીકે પ્રસિદ્ધિ પામ્યા.

**સત્યાગ્રહ :** ૧૭ વર્ષની ઉંમરે શ્રી ફૂલચંદભાઈ શાહ સાથે નાગપુર ધ્વજ સત્યાગ્રહ (૧૯૨૩)માં ભાગ લીધો. સૌથી નાની ઉંમરના પ્રથમ વિદ્યાર્થી સત્યાગ્રહી તરીકે જાણીતા થયાં. ૧૯૨૩ થી ૧૯૪૨ સુધીના બધા જ સત્યાગ્રહોમાં સક્રિય ભાગ લીધો. જેલવાસ ભોગવ્યો, સત્યાગ્રહોના દસ્તાવેજી પુસ્તકો લખ્યાં. ગાંધી વિચારના પ્રખર મીમાંસક તરીકે જાણીતા થયા.

**સાહિત્ય સર્જન :** ૧૯૩૧માં 'પચાસ વર્ષ પછી' ભવિષ્યલક્ષી નવલકથાના લેખનથી પ્રખ્યાત થયા. આઠ નવલકથાઓ લખી. 'મોહનમાંથી મહાત્મા' વ. છ ગાંધીચરિત્રો તથા 'સ્વાતંત્ર ભારતના શિલ્પી સરદાર વલ્લભભાઈ પટેલ' વ. દસ વિસ્તૃત જીવનચરિત્રો. ઉપરાંત સંતચરિત્રો, ક્રાંતિકારી શહીદો, પ્રતિભા સંપન્ન મહિલાઓનાં ચરિત્રો, સર્વધર્મ કથાઓ (આઠ), મહાભારત કથાઓ, ભાગવત કથાઓ, બોધક વાર્તાઓ અને બાલવાર્તાઓનું સર્જન કર્યું. સાત પ્રવાસવર્ણનો, કેટલાંક પાઠ્ય પુસ્તકો લખ્યા. તુલસીદાસજી કૃત 'રામચરિત માનસ', રશિયન મહિલા નટાર્લિયા ફ્લૌમરની આત્મકથા 'મારો પરિવાર' - અન્ય ગ્રંથોના અનુવાદ કર્યા. સ્વામી વિવેકાનંદના સંપૂર્ણ વાંડમયના બાર ગ્રંથો અને 'રામકૃષ્ણ કથામૃત'ના બે ભાગોનું સંશોધિત સંપાદન. બધા મળીને ૮૦ જેટલાં પુસ્તકો લખ્યાં છે.

**પ્રવૃત્તિ :** પરિવારલક્ષી 'પરિવાર' સામયિકનું તંત્રી તરીકે ૧૦ વર્ષ પ્રકાશન કર્યું. નૂતન ગ્રામવિદ્યાલય, ગંભીરા (જિ. વડોદરા)માં આચાર્ય, 'ગ્રામ બાલશિક્ષા કેન્દ્ર' બોરડી (જિ. થાણા)માં ઉપાચાર્ય અને સોરઠ જિલ્લા પંચાયત અધિકારી તરીકે કામ કર્યું. ગાંધી આશ્રમ-છાયા (પોરબંદર), સર્વોદય આશ્રમ-તરવડા, સર્વોદય આશ્રમ-ખાંભોદર વ. સ્થળોએ શિક્ષણ અને ગ્રામોન્નતિનું કામ કર્યું. તદુપરાંત જુદી જુદી સંસ્થાઓમાં પ્રમુખ, ટ્રસ્ટી અને માર્ગદર્શકની જવાબદારી વહન કરી.

**પ્રવાસ :** દેશ અને પરદેશમાં પ્રવાસો કર્યા છે.

**અન્ય :** સ્વતંત્ર્યતા સંગ્રામમાં યોગદાન બદલ ૧૯૭૨ માં ભારત સરકાર તરફથી તામ્રપત્ર એનાયત થયું છે. ઉમાશંકર જોશીએ કહેલું કે 'ગુજરાતમાં રામભાઈ અને વાર્તા એકબીજાના પર્યાય છે.' શ્રી રાજુલભાઈ દવેએ અંજલિ આપતાં લખેલું કે, 'રામભાઈ ગુજરાતના સાંસ્કૃતિક નવઘડતરના પુરોહિત હતાં.'

## ◆ બાલાભાઈ વીરચંદ દેસાઈ 'જયભિખ્ખુ'



**જન્મ : ૨૬ જૂન, ૧૯૦૮**

**સ્વર્ગવાસ : ૨૪ ડિસેમ્બર, ૧૯૬૯**

**જન્મ સ્થળ : વિંછીયા (જિ. રાજકોટ)  ઉપનામ : જયભિખ્ખુ**

વતન : સાયલા, જિ. સુરેન્દ્રનગર

સાયલાના વતની હોવાથી 'સાયલાકર' તરીકે પરિચય આપતાં.

**પરિચય :**

જયભિખ્ખુએ સાહિત્યના વિવિધ ક્ષેત્રોમાં ૩૦૦થી વધુ પુસ્તકો આપ્યાં છે.

- ✦ સાહિત્ય સર્જન : તેમણે ઐતિહાસિક અને સામાજિક નવલકથાઓ, નવલિકાઓ, નાટકો અને જીવનચરિત્રો લખ્યાં છે.
- ✦ બાલસાહિત્ય : બાળકો માટે સંસ્કારલક્ષી સાહિત્ય પીરસવામાં તેમનું નામ મોખરે છે.
- ✦ વિચારધારા : તેમના લેખનમાં માનવતાવાદ, જૈન ધર્મના સંસ્કારો અને રાષ્ટ્રપ્રેમનો સમન્વય જોવા મળે છે. તેઓ માનતા હતા કે સાહિત્ય એ સમાજની સેવાનું માધ્યમ હોવું જોઈએ.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**

તેમના સાહિત્યનો વ્યાપ ઘણો મોટો છે, તેમાંથી કેટલીક જાણીતી કૃતિઓઃ

- ✦ નવલકથા : 'વિક્રમાદિત્ય હેમુ', 'કર્મયોગી', 'ભગવાન ઋષભદેવ', 'સિદ્ધાર્થ'
- ✦ વાર્તાસંગ્રહ : 'પ્રેમભક્તિ', 'કંચન અને કાંચન'
- ✦ બાલસાહિત્ય : 'બાલકથાઓ', 'સંસ્કાર કથાઓ'
- ✦ ચરિત્ર : 'જૈન જ્યોતિર્ધરો'

**એવોર્ડ અને સન્માન :**

જયભિખ્ખુને તેમના સાહિત્યિક પ્રદાન બદલ અનેક સન્માનો પ્રાપ્ત થયા હતા.

૧. કુમાર ચંદ્રક : વર્ષ ૧૯૪૭માં ગુજરાતી સાહિત્યમાં તેમના પ્રદાન માટે

૨. નર્મદ સુવર્ણ ચંદ્રક : તેમની વિશિષ્ટ સાહિત્ય સેવા માટે

૩. ગુજરાત સરકારના પુરસ્કારો : તેમનાં અનેક પુસ્તકોને રાજ્ય સરકાર દ્વારા પારિતોષિક મળ્યાં હતાં.

**વિશેષ નોંધ :**

તેમની સ્મૃતિમાં આજે પણ 'જયભિખ્ખુ સ્મૃતિ ટ્રસ્ટ' દ્વારા સાહિત્યિક પ્રવૃત્તિઓ અને એવોર્ડ એનાયત કરવામાં આવે છે.



## ◆ દિનકરરાય કેશવલાલ ભટ્ટ ‘મીનપિયાસી’

**જન્મ : ૨૧ સપ્ટેમ્બર, ૧૯૧૦ ● સ્વર્ગવાસ : ૨૦૦૦**

**જન્મ સ્થળ : જેતપુર  કર્મભૂમિ : ચુડા  તખલ્લુસ : મીન પિયાસી**

**પરિચય :**

કવિ મીનપિયાસી પક્ષીવિદ્, ખગોળવિદ્, અને થિયોસોફિસ્ટ હતા સાથે સાથે પ્રકૃતિપ્રેમી તો ખરા જ. કવિ મુંબઈની ન્યુ ભરાડા હાઈસ્કૂલમાંથી ઈ.સ. ૧૯૨૯ માં મેટ્રિક પાસ થયા. નેશનલ મેડિકલ કોલેજમાંથી ઈન્ટર એલ.સી.પી.એસ. થયા. કવિ મીનપિયાસી ઝંડુ ભટ્ટના સગા ભત્રીજા થાય છે. તેમને વૈદકીય વ્યવસાય વારસામાં મળ્યો. તેઓ વ્યવસાયે વૈદ્ય હતા.

**કાવ્યવિશ્વ :**

સાહિત્યક્ષેત્રે એમનું પ્રદાન નોંધપાત્ર છે. ગાંધીયુગના આ સર્જક પોતાના કાવ્યોમાં સ્થળનું અનોખું સૌંદર્યદર્શન રજૂ કરે છે. તેમ છતાં એમની સમજ તથા દ્રષ્ટિ કોઈ પ્રાદેશિકતામાં બંધાઈને નથી રહી. માનવતા, વિરહ, પ્રેમ, પ્રકૃતિ વિષયક એમના કાવ્યો આજે પણ આપણને કવિ તરફ ખેંચી જાય છે. ‘કબૂતરોનું ઘૂ ઘૂ ઘૂ...કોયલ કુજે કૂ કૂ કૂ’ એમની પ્રસિદ્ધ કાવ્યરચના છે. લાભશંકર રાવળ એમને ‘ધૂળના ગૌરવ’નો કવિ કહીને નવાજે છે. મીનપિયાસીની કવિતા એમના હૈયા જેવી નિખાલસ અને સરળ છે.

**પ્રસિદ્ધ સાહિત્યકૃતિઓ :**

કાવ્યસંગ્રહો :

✦ વર્ષાજલ (૧૯૬૬), ગુલછડી અને જુઈ (૧૯૮૬),
ઝૂલ ઝાલાવાડ ઝૂલ (૨૦૧૬ સંપૂર્ણ સર્જન)

અન્ય ગ્રંથો :

✦ ખગોળની ખૂબીઓ (ખગોળવિષયક)  પંખીમેળો (૧૯૯૨) - પક્ષીવિષયક

✦ નળ સરોવરના પંખી - પક્ષીવિષયક અભ્યાસ

✦ મરણ તો નથી જ (૧૯૯૭) - આધ્યાત્મિક/ચિંતનાત્મક લેખ


✦ અથ થી ઈતિ - તત્વચિંતનાત્મક લેખ

**પારિતોષિકો :**

કવિ મીનપિયાસી મુખ્યત્વે પ્રકૃતિપ્રેમી અને ખગોળ-પક્ષીવિદ્યાના અભ્યાસકર્તા તરીકે જાણીતા હતા. ઉપલબ્ધ સાહિત્યિક નોંધો મુજબ તેમને કોઈ વિશેષ રાજ્યસ્તરીય અથવા રાષ્ટ્રીય પારિતોષિક મળ્યાની સ્પષ્ટ માહિતી ઉપલબ્ધ નથી. તેમ છતાં તેમના કાવ્ય અને વૈજ્ઞાનિક અભ્યાસને સ્થાનિક અને સાહિત્યિક વર્તુળોમાં માન્યતા પ્રાપ્ત હતી.

૨૦૧૬માં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા તેમનું સમગ્ર સર્જન ‘ઝૂલ ઝાલાવાડ ઝૂલ’ પુસ્તકરૂપે પ્રકાશિત થવું એ તેમના માટે સાહિત્યિક સન્માન સમાન માનવામાં આવે છે.

## ◆ દુર્ગેશ તુળજાશંકર શુક્લ



**જન્મ : ૯ નવેમ્બર, ૧૯૧૧**

**સ્વર્ગવાસ : ૧૩ જાન્યુઆરી, ૨૦૦૬**

**જન્મ સ્થળ : રાણપુર (જિ. અમદાવાદ) મૂળ વતન : વઢવાણ**

**પરિચય :**

તેઓ ગુજરાતી ભાષાના જાણીતા નાટ્યકાર, કવિ અને વાર્તાકાર હતા. ભાવનગરની શામળદાસ કોલેજમાંથી સ્નાતક થયા બાદ તેમણે ૧૯૩૮-૪૯ દરમિયાન મુંબઈની શાળાઓમાં શિક્ષક તરીકે સેવા આપી હતી. તેમણે લેખનને મુખ્ય વ્યવસાય તરીકે સ્વીકાર્યો હતો. તેઓ ગાંધીયુગના મહત્વના સર્જક ગણાય છે. તેમના પુત્ર તુષાર શુક્લ પણ જાણીતા કવિ અને ઉદ્‌ઘોષક છે.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**


દુર્ગેશ શુક્લએ સાહિત્યના વિવિધ પ્રકારોમાં નોંધપાત્ર પ્રદાન કર્યું છે.

- ✦ કાવ્યસંગ્રહ / પદ્યનાટિકા : ‘ઉર્વશી’ (૧૯૩૩), ‘અનાદરાનો યાત્રી’, ‘ઝંકૃતિ’ (૧૯૪૯), ‘તટે જુહૂના’ (૧૯૮૩), ‘પર્ણમર્મર’ (૧૯૮૫)
- ✦ નાટકો / એકાંકી : ‘પૃથ્વીનાં આંસુ’ (૧૯૪૨), ‘સુંદરવન’ (૧૯૫૩), ‘ઉલ્લાસિકા’ (૧૯૫૬), ‘પલ્લવી પરણી ગઈ’ (૧૯૫૭), ‘રૂપમ્ પ્રથમ’ (૧૯૫૮), ‘રૂપે રંગે રાણી’ (૧૯૬૦), ‘અંતે ઘર ભણી’ (૧૯૬૮)
- ✦ વાર્તાસંગ્રહ : ‘પૂજાનાં ફૂલ’ (૧૯૩૪), ‘છાયા’ (૧૯૩૭), ‘પલ્લવ’ (૧૯૪૦), ‘સજીવન ઝરણાં’ (૧૯૫૭)
- ✦ નવલકથા : ‘વિભંગકલા’ (૧૯૩૭)
- ✦ બાલસાહિત્ય : ‘ડોલે છે મંજરી’, ‘ડોસીમાનું તૂંબડું’, ‘મૃગાંક’, ‘છમ છમા છમ’, ‘શિશુ સાહિત્યસૌરભ’ (ભાગ ૧ થી ૫)

**એવોર્ડ અને સન્માન :**

- ✦ નાટ્યસર્જન માટે વર્ષ ૨૦૦૪નો ‘ચંદ્રવદન ચીમનલાલ મહેતા એવોર્ડ’ (C. C. Mehta Award) એનાયત થયો હતો.
- ✦ તેમની કૃતિ ‘ઉર્વશી’ને તે સમયના પ્રતિષ્ઠિત વિવેચકો બલવંતરાય ઠાકોર અને ડોલરરાય માંકડ દ્વારા વિશેષ પ્રતિસાદ મળ્યો હતો.

## ◆ મનુભાઈ રાજારામ પંચોળી ‘દર્શક’



**જન્મ : ૧૫ ઓક્ટોબર, ૧૯૧૪ ● સ્વર્ગવાસ : ૨૯ ઓગસ્ટ, ૨૦૦૧**

**જન્મ સ્થળ : પંચાશિયા (જિ. સુરેન્દ્રનગર)     વતન : વઢવાણ**

**‘દર્શક’નું જીવન :**

મનુભાઈ પંચોળી ‘દર્શક’ ગુજરાતી સાહિત્યના અગ્રણી નવલકથાકાર, નિબંધકાર અને વિચારક હતા. તેઓ ગાંધીજીના આદર્શોથી પ્રેરિત હતા અને સાદગીભર્યું જીવન જીવતા હતા. તેમની કૃતિઓમાં સામાજિક ચેતના, રાષ્ટ્રીયતા અને માનવતાવાદી દષ્ટિકોણ સ્પષ્ટ રીતે જોવા મળે છે.

**સ્વાતંત્ર્ય ચળવળમાં યોગદાન :**

તેઓ યુવાન વયે સ્વાતંત્ર્ય આંદોલનમાં જોડાયા અને જેલવાસ પણ ભોગવ્યો.

**ગાંધીવાદી વિચારધારા :**

તેમના લેખનમાં સત્ય, અહિંસા અને ગ્રામ્યજીવન પ્રત્યેનો લગાવ જોવા મળે છે.

**શૈક્ષણિક સેવા :**

તેમણે શિક્ષણક્ષેત્રે પણ નોંધપાત્ર સેવા આપી અને યુવાનોમાં રાષ્ટ્રપ્રેમ અને નૈતિક મૂલ્યો પ્રેર્યા. ગ્રામભારતી જેવી ગ્રામશિક્ષણ પ્રેરિત સંસ્થાથી મનુભાઈ પંચોળી ‘દર્શક’નું ગાઢ જોડાણ રહ્યું હતું. તેઓ માનતા હતા કે સાચું શિક્ષણ ગામડાં સુધી પહોંચવું જોઈએ અને શિક્ષણ સાથે સંસ્કાર, શ્રમ અને સ્વાવલંબનનું સંકલન થવું જોઈએ.

મનુભાઈ પંચોળી  ગુજરાતી સાહિત્યના પ્રખ્યાત નવલકથાકાર, નિબંધકાર અને ચિંતક હતા.


તેમની મુખ્ય સાહિત્યકૃતિઓની આછેરી ઝલક :

- ✦ કંકુ (૧૯૩૬) - ગ્રામજીવન અને સ્ત્રીમાનસની સંવેદનાઓ દર્શાવતી નવલકથા.
- ✦ ઝેર તો પીધાં છે જાણી જાણી (૧૯૫૨) - માનવજીવનના સંઘર્ષ અને ત્યાગની ગાથા રજૂ કરતી કૃતિ.
- ✦ સોક્રેટીસ (૧૯૭૪) - ગ્રીક તત્ત્વચિંતકના જીવન અને વિચારોને આલેખતી ઐતિહાસિક નવલકથા.
- ✦ અંતિમ અધ્યાય (૧૯૮૩) - માનવમૂલ્યો અને જીવનદર્શન પર આધારિત ચિંતનપ્રધાન રચના.
- ✦ દીપનિર્વાણ (૧૯૪૪) - બૌદ્ધદર્શન અને આત્મશોધની યાત્રા વર્ણવતી કૃતિ.
- ✦ સમગ્ર દર્શક સાહિત્ય (વિવિધ વર્ષો) - મનુભાઈ ‘દર્શક’ની વિવિધ કૃતિઓનો સંકલિત સંગ્રહ.

**પારિતોષિકો અને સન્માન :**

- ✦ રણજીતરામ સુવર્ણ ચંદ્રક (૧૯૬૪)
- ✦ સાહિત્ય અકાદમી પુરસ્કાર (૧૯૭૫)
- ✦ પદ્મભૂષણ (૧૯૯૧)

આ સિવાય અન્ય ઘણા પારિતોષિક પ્રાપ્ત થયા છે.



## ◆ દેવશંકર મહેતા

**જન્મ : ૧૬ ફેબ્રુઆરી, ૧૯૧૬ ● સ્વર્ગવાસ : ૩૦ ઓક્ટોબર, ૧૯૮૪**
**જન્મ સ્થળ : ગુજરવદી તા. ધ્રાંગધ્રા (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

દેવશંકર મહેતા ગુજરાતી સાહિત્યના સમર્થ સર્જક, શિક્ષક અને સમાજસેવક હતા. તેમના પિતા ધ્રાંગધ્રા રાજ્યના રાજ ગવૈયા હતા. માત્ર ૭ ધોરણ સુધી અભ્યાસ કર્યા હોવા છતાં, તેમણે કલકત્તામાં પ્રેસમાં નોકરી દરમિયાન હિન્દી, બંગાળી અને અંગ્રેજી ભાષાઓ પર પ્રભુત્વ મેળવ્યું હતું. તેઓ શામળદાસ ગાંધી, ઝવેરચંદ મેઘાણી અને ઉછરંગરાય ઢેબર જેવા મહાનુભાવોના સંપર્કમાં રહ્યા હતા. તેમણે ગ્રામોદ્ધાર અને ગ્રામસંસ્કૃતિના માર્ગદર્શક તરીકે મહત્વનું પ્રદાન આપ્યું છે.

**સાહિત્ય સર્જન (પ્રકાશિત પુસ્તકો) :**

તેમણે ૩૮ વર્ષની સર્જનયાત્રામાં કુલ ૬૩ નવલકથાઓ અને ૬૬ નવલિકાઓ આપી છેઃ

✦ મુખ્ય નવલકથાઓઃ

૨૧ સામાજિક નવલકથાઓ, ૨૫ ઐતિહાસિક નવલકથાઓ, ૧૭ દરિયાઈ નવલકથાઓ

✦ જાણીતી કૃતિઓઃ 'ભસ્મકંકણ', 'પારસમણિ', 'એળે ગયો અવતાર', 'દરીયાને ખોળે', 'મીઠી વીરડી'.

✦ વિચરતી જાતિ વિશેની નવલકથાઓઃ

| | | | |
|---|---|---|---|
| ૧. | લાડલી વણઝારી | ૨. | કમનીય કાંગસીવાળી |
| ૩. | દિલેર ડફેરા | ૪. | અલબેલી આકોડીચાણી |
| ૫. | કામણગારી કંજરી | ૬. | મતવાલી વાદણ |

**એવોર્ડ અને વિશેષ સિદ્ધિઓ :**

✦ જનતાનો પુરસ્કાર : એક વ્યક્તિને ફાંસીની સજા થઈ ત્યારે તેની અંતિમ ઈચ્છા પોતાના પ્રિય લેખક દેવશંકર મહેતા સાથે આખો દિવસ વિતાવવાની હતી. આ તેમના માટે સાહિત્ય જગતનો સર્વશ્રેષ્ઠ 'જનતા પુરસ્કાર' ગણાય છે.


✦ સાંસ્કૃતિક પ્રભાવ : પૂ. મોરારીબાપુ પણ તેમની વાર્તાઓને વ્યાસપીઠ પરથી અવારનવાર યાદ કરે છે.

✦ માર્ગદર્શન : ફિલ્મ અભિનેતા બલરાજ સહાનીથી માંડીને રશિયાના પ્રધાન ગોર્બાચોવ સુધીના તેમની પાસે ગ્રામ્ય પરિવેશ વિશે માર્ગદર્શન મેળવવા આવતા હતા.

**સંશોધન :**

તેમના દોહિત્ર ડૉ. જગદીશ ત્રિવેદીએ તેમની નવલકથાઓ પર પી.એચડી. કર્યું છે.

## ◆ પ્રજારામ નરોત્તમ રાવલ



જન્મ : ૩ મે, ૧૯૧૭ ● સ્વર્ગવાસ : ૨૮ એપ્રિલ, ૧૯૯૧

જન્મ સ્થળ : વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)

**શિક્ષણ :**

માધ્યમિક સુધી વઢ્વાણ, ૧૯૪૧માં પાટણની આયુર્વેદિક કૉલેજમાંથી સ્નાતક, ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીએ તેમને ડી.લિટ્.ની માનાર્હ પદવી પ્રદાન કરેલી.

**વ્યવસાય :**

ભાવનગર આયુર્વેદ કૉલેજમાં અધ્યાપક, ઉપાચાર્ય અને આચાર્ય, કવિ,અનુવાદક

**પરિચય :**

કવિતા અને વૈદકશાસ્ત્ર એમના એકસરખા રસના વિષયો હતા. એમનું સંસ્કૃતનું જ્ઞાન પ્રગાઢ હતું. આયુર્વેદના ઉપચાર, પ્રચાર, પ્રસાર માટે તેમણે મહત્વની સેવા કરી છે. કવિ સુન્દરમે એમને ‘નોળવેલનાં કવિ’ તરીકે બિરદાવ્યા હતા. શ્રી અરવિંદ અને શ્રી માતાજીની પ્રભાવક અને પ્રબળ અસર એમનાં વ્યક્તિત્વ અને સર્જન પર થયેલી. એમની કવિતાઓ આધ્યાત્મિક સુરખી અને પૂર્ણ સભાન રીતે યોગાભિમુખ બનેલા કવિની દ્દષ્ટિ પ્રતીત થાય છે. તેઓ પ્રેમ અને સંવાદના ઉપાસક છે. એમની મોટા ભાગની કવિતા પ્રકૃતિ અને અધ્યાત્મ-અનુભવ વિશેની છે. વિવિધ ઋતુઓ અને પ્રકૃતિનાં વિવિધ દ્રશ્યોને વિષય બનાવી એમણે ઘણાં પ્રકૃતિ કાવ્યો રચ્યાં છે. ખાસ તો ઋતુઓને વર્ણવતી રચનાઓ તેમના સર્જનનું આકર્ષણ છે. ઊર્ધ્વની અભીપ્સા, પ્રકૃતિનાં રમણીય ચિત્રો, સુશ્ર્લિષ્ટ છંદોરચના, સંવેદનશીલ કાવ્યાનુભૂતિ અને ચિત્રાત્મકતાથી એમની કવિતાઓ સમૃદ્ધ છે. સૉનેટ, મુક્તક અને ગીતરચનાઓમાં એમની કલમ સરસ રીતે વિલસે છે. મહાકવિ કાલિદાસ, શ્રી અરવિંદ અને સ્વામી વિવેકાનંદનાં કેટલાંક કાવ્યોનો અનુવાદ પણ એમણે કર્યો છે.

**પ્રકાશિત પુસ્તકો અને કૃતિઓ :**

- કાવ્યસંગ્રહઃ ‘પદ્માથ,‘નાન્દીથ, ‘નૈવેદ્યથ
- ગ્રંથોઃ ‘આયુર્વેદનું અમૃતથ ભાગ ૧ અને ૨
- અનુવાદઃ ‘રઘુવંશથ,‘સીતા અશોકવનમાંથ ‘પરબ્રહ્મથ
- સંપાદન/ સહ સંપાદન : પરબ્રહ્મ ,પ્રતિપદા

’ઝાલાવાડી ધરતી ’વતનપ્રેમનો રણકો લઈને આવતું એમનું ધ્યાનપાત્ર પ્રકૃતિગીત છે.

**પુરસ્કારો /સન્માનો :**

- ‘આયુર્વેદનું અમૃત’ના પ્રથમ ભાગને ગુજરાત સરકારનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત થયું હતું.
- નર્મદ સુવર્ણચંદ્રક (૧૯૫૩)
- કુમારચંદ્રક (૧૯૫૪)

## ◆ ભાનુભાઈ શુક્લ



**જન્મ : ૧૮ ઓગસ્ટ, ૧૯૧૮ ● સ્વર્ગવાસ : ૨૧ એપ્રિલ, ૨૦૧૩**

**જન્મ સ્થળ : વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

લેખક, તસ્વીરકાર, ચિત્રકાર, કવિ અને કેળવણીકાર, પત્રકારત્વમાં ખેડાણ કરવાનું મુખ્ય પ્રેરક વ્યક્તિત્વ ઝવેરચંદ મેઘાણીનું હતું તેમના આલેખનમાં ઝવેરચંદ મેઘાણીની જેમ લોકો પાસે ફરી ફરીને તેમની સંવેદના અને મુક વેદનાને વાચા આપતું આલેખન, છેવાડાના માણસના જીવનમાં બનતી ઘટના અને તેની વેદના મુખ્યત્વે હતી. તેઓ એક અચ્છા તસવીરકાર હતા અને કારકિર્દીના ૪૦ વર્ષ સુધી ફોટોગ્રાફી કરી જાતે ફોટા ડેવલપ કરતા હતા. સંસ્કૃત ભાષાની વિધિવત તાલીમ કે. કા. શાસ્ત્રી પાસેથી જ્યારે કલાગુરૂ રવિશંકર રાવળ પાસેથી ચિત્રકાર તરીકે કલા દીક્ષા લીધી હતી. 'સમય' સાપ્તાહિકના તંત્રી તરીકે આજીવન કાર્ય કર્યું.

**વિશ્વ પ્રવાસ :**

ભારત સરકાર તરફથી ફીનલેન્ડ વિશ્વ શાંતિ સંમેલનમાં ભારત સરકારના પ્રતિનિધિ મંડળમાં સામેલ થયા હતા. સહકારી પ્રવૃત્તિના અભ્યાસ માટે જર્મની જતા ભારત સરકારના પ્રતિનિધિ મંડળમાં ભારત સરકારનું પ્રતિનિધિત્વ કર્યું હતું. અમેરિકા અને કેનેડા સહિત ૨૬ દેશોનો પ્રવાસ કરેલો હતો. ૧૯૯૮ માં ગુજરાત રાજ્ય સરકારની એક્રીડેશન કાર્ડ સમિતિમાં સિનિયર પત્રકાર તરીકે ગુજરાત સરકારે નિમણૂક કરી હતી

**આઝાદીની ચળવળ :**

૧૯૪૦ દાયકામાં ભૂગર્ભમાં રહી પત્રિકા છાપવાનું કામ જાતે કર્યું,

જુનાગઢ આરઝી હકુમતના પોલીસ પગલા દરમિયાન ઓફિસિયલ ડોક્યુમેશન ફોટોગ્રાફર તરીકે કામગીરી બજાવી હતી.

**સામાજિક કાર્યકર અને કેળવણીકાર :**


ધજાળામાં કરમશીભાઈ મકવાણા અને સવશીભાઈ મકવાણાની શૈક્ષણિક સંસ્થાઓના વર્તુળમાં શરૂઆતથી જ પ્રમુખપદે રહી આજીવન સંસ્થાઓમાં માર્ગદર્શક રહ્યા હતા. વઢવાણ વિકાસ વિદ્યાલયની શરૂઆતના ૧૯૫૦ ના દાયકાથી માર્ગદર્શક રહ્યા હતા.

**પુસ્તકો :**

પલટાતી દુનિયાના દર્શને પ્રથમ આવૃત્તિ ૧૯૫૯, ત્રણ નાટીકા એકાકી સંગ્રહ સગી આંખે, રાત ઝંખે છે સૂરજ, હેત સળગ્યું, મૃગજલ ઝરણાં, Journey અંગ્રેજી કાવ્યસંગ્રહ,

'સમય' સાપ્તાહિકમાં પ્રકાશિત આલેખનનો પુસ્તક સંગ્રહ.

## ◆ બાબુભાઈ રાણપુરા 'દયાળુ'



**જન્મ : ૪ ફેબ્રુઆરી, ૧૯૪૩ ● સ્વર્ગવાસ : ૧૬ જુલાઈ, ૨૦૧૪**

**જન્મ સ્થળ : જાકાસણા તા. વિસનગર (જિ. મહેસાણા)**

**પરિચય :**

શ્રીમાળી સોની પરિવારમાં જન્મેલા બાબુભાઈનું મૂળ વતન મોરબીમાં મચ્છુ નદીને કાંઠે આવેલું નાનાઘાંટીલા ગામ છે. તેઓ દોઢ વર્ષના હતા ત્યારે માતા સંતોકબહેને સંસારનો ત્યાગ કર્યો અને બાદમાં સમાધિ લીધી હતી. આ બનાવના થોડા સમય પહેલા જ તેમના પિતા અવસાન પામ્યા હતા. નવ વર્ષની ઉંમરે મોરબી નજીક માંડલ ગામમાં જૈનુદ્દીન વોરાને ત્યાં તેમણે આશ્રય લીધો હતો. જેઓ વાયોલિન વગાડતા અને બાબુ રાણપુરા ગીતો ગાતા હતા. આ રીતે તેમના જીવનમાં સંગીતનો પ્રવેશ થયો હતો. સંગીત જ તેમનું જીવન બની ગયું હતું. મોરબીના આર. ડી. ભટ્ટે તેમને વિનયમંદિરમાં ભણવા મૂક્યાં. ગણેશ નાટક મંડળીમાં મીઠા અવાજના કારણે તેમને લોકચાહના મળી અને ત્યારથી તેમની ગાયકીની સફર શરૂ થઈ.

બાબુ રાણપુરા માત્ર ગાયક જ નહીં લોકજીવન અને લોકસાહિત્યના મર્મી પણ હતા. લોકગીત, ભજન કે રાસડા તેમની પાસેથી સાંભળા લ્હાવો ગણાતો હતો.

તેમણે વર્ષ ૧૯૮૫માં પેરિસમાં ઉજવવામાં આવેલા 'ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયા' પ્રસંગે એફિલ ટાવર પરથી 'આપણા મલકના માયાળુ માનવી' ગીત ગાયું હતું. ૧૯૮૭માં મોસ્કોમાં યોજાયેલા ફેસ્ટિવલ ઓફ ઈન્ડિયાનો આરંભ પણ બાબુભાઇના ગીત સાથે થયો હતો.


**સાહિત્ય પ્રદાન :**

બાબુ રાણપુરા વિશે અને તેમના સાહિત્ય વિશે 'શિવમત', 'બાબલ શતક', 'નવરસ', 'નવતાલ', 'રાગ વંદના', 'અવતારી', 'અલગારી', 'અવધૂત શ્રી બાબુ રાણપુરા', 'અમરવેદ', 'અવધૂત સંગે ઉજૈયણીમાં', 'ઝાલાવાડનું મોરપિચ્છ' (અભિવાદન ગ્રંથ), 'ભૂગરભ જગત વિજ્ઞાન - પથ્થરપુરાણ', 'અદ્ભુત - અનુભૂત - અવધૂત છે' જેવા પુસ્તકો અને ગ્રંથો પ્રકાશિત થયા.

**વિશેષ સિદ્ધિ :**

વર્ષ ૧૯૮૮માં ભારત સરકારે દક્ષિણ ભારતના સાંસ્કૃતિક ધામોના અભ્યાસ માટે તેમને મોકલ્યા હતા. આ ઉપરાંત અન્ય ગ્રહ પર માનવવસ્તી છે કે કેમ ? તેની શોધમાં નાસા દ્વારા અંતરિક્ષમાં મોકલાયેલ ટાઇમ કેપ્સ્યુલમાં વિશ્વભરમાંથી વિવિધ ભાષામાં રેકોર્ડ કરાયેલ અવાજ મોકલાયા હતા. જેમાં ભારતભરમાંથી બાબુભાઈનો અવાજ ગુજરાતીમાં મોકલાયો હતો.

તેમને વર્ષ ૨૦૦૬માં ભારતના તત્કાલિન રાષ્ટ્રપતિ ડૉ. એ પી જે અબ્દુલ કલામ દ્વારા અકાદમી એવોર્ડ આપવામાં આવ્યો હતો. બાબુ રાણપુરાને રાજ્ય સરકારના લોકસંગીત માટેનો ગૌરવ પુરસ્કાર, રામાયણી મોરારિદાસ હરિયાણી પ્રેરિત કાગ અવાર્ડ તથા ભારત સરકારના સંગીત નૃત્ય નાટ્ય અકાદમી દ્વારા લોકસાહિત્યના સંવર્ધન માટે લોકસંગીત ક્ષેત્રના પ્રતિષ્ઠિત રાષ્ટ્રીય અવાર્ડથી સન્માનિત કરાયા હતા.



## ◆ બાપલભાઈ ગઢવી

જન્મ : ૫ નવેમ્બર, ૧૯૨૧ ● સ્વર્ગવાસ : ૩ ઓગસ્ટ, ૧૯૯૫

જન્મ સ્થળ : બાબરીયાત (તળાજા)

**પરિચય :**

સ્વર્ગસ્થ શ્રી બાપલભાઈ ગઢવી લોક સાહિત્યકાર લોકવાર્તાકાર હતા. તેઓ શ્રી જયમલ્લભભાઈ પરમાર તથા શ્રી રતુભાઈ અદાણીના પીઢ ગાંધીવાદી આર્દશોથી પ્રેરિત હતા. આજીવન ખાદીધારી સાદગીભર્યું સરળ જીવન જીવ્યા. ઝવેરચંદ મેઘાણીની જેમ જ સૌરાષ્ટ્ર ગોહિલવાડ ઝાલાવાડમાં સતત રજળપાટ કરી ગામના પાળીયાઓને ઢંઢોળી દાતારી, શૂરવીરતા, ખાનદાની, પશુપ્રેમ, માનવી અને પ્રાણીઓના ચરિત આલેખી મૂલ્યલક્ષી વાર્તાઓ આપી અને લોકનાં ચોરે વાર્તાઓ માંડી.

**યોગદાન :**

લોક સાહિત્ય વિદ્યાલય-જુનાગઢમાં કવિ કાગ, મેરૂભા મેઘાણંદ, યશ કરણજી રત્નુ (ગુરૂજી)ની નિશ્રામાં ૧૯૫૯ થી ૧૯૬૦ લોક સાહિત્યનો અભ્યાસ કરી સૌરાષ્ટ્ર ઝાલાવાડના ગામડે ગામડે પોતાની લોકવાણીથી દારૂબંધી વ્યસનમુક્તિ માટે કાર્યક્રમ કર્યા. સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ મહિલા વ્યસનમુક્તિ કેમ્પ વઢવાણના સરકારી દવાખાનામાં બાપલભાઈના પ્રયાસો થકી સફળતાપૂર્વક સંપન્ન થયેલો છે.

**સાહિત્યિક સેવા :**

શેરી શેરી, કસબે કસબે, ગામડે ગામડે, બંગલે, ઝૂંપડે અને નેહડે સંસ્કાર અને મૂલ્યોને સંવર્ધિત કરતી વાતો માંડી આકાશવાણી રાજકોટના A+ ગ્રેડના લોક વાર્તાકાર તરીકે રહ્યા. ગુજરાત, સૌરાષ્ટ્ર બહાર દિલ્હી, હૈદરાબાદ, મુંબઈ અને લંડન પણ લોકસાહિત્યના કાર્યક્રમો આપ્યા. ૫૦ જેટલી લોકવાર્તાઓ, ૨૦૦ જેટલા દોહરાઓ, કવિત ગીત, ભજન અને છપ્પયની રચના કરી. 'કોને રંગ દેવા' લોકવાર્તા સંગ્રહની બીજી આવૃત્તિનું વિમોચન 'માનસ-ગોપનાથ' ગોપનાથ મહાદેવ, તળાજા કથામાં વ્યાસપીઠ ઉપરથી તારીખ ૦૯-૦૯-૨૫ નાં રોજ પૂજ્ય મોરારિબાપુએ કર્યું હતું.

**મળેલ સન્માન :**

- ✦ ૨૦૧૧માં મરણોત્તર કવિ કાગ એવોર્ડ, પૂજ્ય બાપુના હસ્તે સન્માન.
- ✦ વ્યસનમુક્તિ નશાબંધી પ્રચારક તરીકે નશાબંધી મંડળ ગુજરાત તરફથી સન્માન.
- ✦ લોકસાહિત્ય પરિવાર સૌરાષ્ટ્ર ગુજરાત તરફથી સન્માન.

તેમની અમર કૃતિ 'જનમ્યાં એમ જ જાવાનું' આજે સોશિયલ મીડિયામાં ધૂમ મચાવી રહી છે. લોકસાહિત્ય મંચ તથા વ્યાસપીઠ પરથી અનેકવાર કલાકારો તથા પૂજ્ય બાપુનાં મુખેથી બાપલભાઈનાં દોહરા અને રચનાઓની રજૂઆતો થતી રહી છે.



## ◆ અરવિંદભાઈ આચાર્ય

**જન્મ : ૦૧ ડિસેમ્બર, ૧૯૨૩ ● સ્વર્ગવાસ : ૨૨ ઓગસ્ટ, ૨૦૧૩**

**જન્મ સ્થળ : રાજસીતાપુર (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

શ્રી અરવિંદભાઈ પ્રાણજીવન આચાર્યનો જન્મ મોસાળના ગામ રાજ-સીતાપુર (ધ્રાંગધ્રા) ગામે તારીખ ૦૧લી ડીસેમ્બર-૧૯૨૩ના રોજ થયો હતો. તેઓ ઈન્ટર સુધી ભણ્યા. આ સમય દરમિયાન ગાંધીજીના નેતૃત્વમાં સમગ્ર રાષ્ટ્રમાં સ્વાતંત્ર્ય પ્રાપ્તિ માટેની હાકલ થઈ ગયેલી, જેમાં અરવિંદભાઈ રંગાયા, તેમના નામના અર્થ મુજબ ખીલી ગયા. ૧૯૪૨ની 'ભારત છોડો' **(Quit India)** લડતમાં સાથીઓ સાથે ભૂગર્ભમાં ગોધરામાં રહી લડતના કામ કર્યાં. આઝાદી બાદ નવજીવન પ્રેસમાં કિશોરભાઈ મશરૂવાલા સાથે કામ કરવાનો અવસર પ્રાપ્ત થયો અને જીવન ઘડતર થયું.

'મુઠ્ઠી ઊંચેરા માનવી', 'સેવાના ભેખધારી', 'લોકસેવક', ફકીર અને સત્યોપાસક, ભગવો ઝભ્ભો, ગળામાં રૂદ્રાક્ષની માળા, શાંત ચિત્તે ચાલવું-બોલવું, લલાટ પર તેજ, ધીમો પણ સ્પષ્ટ ગુજરાતી ભાષાનો લહેકો, મંદમંદ હાસ્ય, જટાધારી જોગી જેવા લાંબા વાળ, ભજનાનંદી, તળપદા શબદનો શબ્દકોશ, સંવેદનાની અભિવ્યક્તિના સર્જક, ઝાલાવાડની જળસમસ્યાના જાણતલ, ધન્યધરા ઝાલાવાડનું ખમીર, તરણેતરના લોકમેળાને પ્રસિદ્ધ બનાવનાર અને ઝાલાવાડના મૂર્ધન્ય લોકસેવક એટલે શ્રી અરવિંદભાઈ આચાર્ય.

**સાહિત્યિક પરિચય :**

મુઠ્ઠી ઊંચેરી મહિલાઓ, સુરેન્દ્રનગર જિલ્લાના યાત્રાધામો અને પ્રવાસ સ્થળો, 'ગાંધીના ગોવાળિયા', 'ગ્રામજીવનના ઘડવૈયા' અને 'સરનામા વગરના માનવી' તથા સુરેન્દ્રનગર જિલ્લાની ઐતિહાસિક તવારીખ મુખ્ય છે. 'સરનામા વગરના માણસ' પુસ્તકનો અંગ્રેજીમાં અનુવાદ શ્રી વિનોદભાઈ મેઘાણીએ કરેલો છે.

**સંશોધન :**


અગરિયાની જે સમસ્યાઓ હતી તેના વિશે સંશોધન કર્યું. શ્રી અરવિંદભાઈએ કરેલા ખારાઘોડાના રણના અભ્યાસ ઉપરથી **BBC** એ **Documentary** બનાવી પ્રસારિત કરેલી. ઝાલાવાડના પાણીની સમસ્યા, સૌરાષ્ટ્રની અને ગુજરાતની પાણીની સમસ્યા ઉપર સંશોધનાત્મક પુસ્તકોનું આલેખન કરેલું છે. નર્મદા યોજના અને ઝાલાવાડની જળસમસ્યા ઉપરના પુસ્તકે ગુજરાતને નવી દિશા આપી છે. જેમણે **National Institute of Community Development, Haidrabad National Co.O.Union of India, New Delhi** માં તાલીમ મેળવેલી હતી.

## ◆ મેઘરાજભા મૂળુભા રતન

**જન્મ : ૧૨ મે, ૧૯૨૪**

**સ્વર્ગવાસ : 30 સપ્ટેમ્બર, ૧૯૮૯**

**જન્મ સ્થળ : મઢાદ તા. વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**



**બે પરવા ગઢવી બડો, વક્તા સત્ય, ગુણવાન;**
**મેઘરાજ કવિ મઢાદમે, ગાયક વીરરસ ગાન**

**પરિચય :**

કવિ શ્રી મેઘરાજભાઈ મૂભુભા ગઢવી (રતન)

મઢાદની ધૂળી નિશાળમાં ચાર ચોપડી ભણેલા મેઘરાજભાઈ દેહે દૂબળિયો, વેશે ગામડિયો, ખાદીધારી ગાંધી વિચારો સાથે જીવતો સાદો સુદામો ચારણ એટલે મેઘરાજ મૂળુભા ગઢવી.

**પ્રદાન અને કાર્યક્ષમતા :**

શિક્ષણ અને જ્ઞાનઃ તેઓ ભલે માત્ર ૪ ચોપડી ભણેલા હતા, પરંતુ લોકસાહિત્યના 'સ્નાતક' ગણાતા. જૂનાગઢ લોકસાહિત્ય વિદ્યાલયમાં અભ્યાસ કરી કંઠ, કલા અને કાવ્યનો ત્રિવેણી સંગમ કેળવ્યો હતો.

**સામાજિક કાર્યો :**

તેમણે દારૂબંધી અને નશાબંધીના પ્રચારક તરીકે કાર્ય કર્યું હતું. સામાજિક પ્રશ્નો માટે જાગૃત રહી 'થોરિયાળી ડેમ'નું પાણી મઢાદ સુધી પહોંચાડવા માટે ગાંધીનગર સુધી ધરણાં પ્રદર્શન પણ કર્યાં હતા.

**સાહિત્યિક સર્જન :**

તેમના સાહિત્યમાં આદિશક્તિની આરાધના અને શૌર્યગાથાઓનું વિશેષ મહત્વ છે.

✦ સ્તુતિ : આઈ શ્રી સોનબાઈ (મઢડા)ના સોનલમા ના ૫૧ આદેશો, જે ચારણો માટે ગીતા સમાન છે, તેને મેઘરાજભાઈએ દુહામાં ઢાળ્યા છે.

✦ મુખ્ય પુસ્તકો :


૧. કસુંબલ શૌર્ય કથાઓ (ભાગ-૧): ૧૯૭૧માં પ્રકાશિત.

૨. કસુંબલ શૌર્ય કથાઓ (ભાગ-૨): ૧૯૮૭માં પ્રકાશિત.

**વિશેષતા :**

લોકજીભે વસેલા એમના દુહા આજે પણ લોકભોગ્ય અને પ્રચલિત છે.

## ◆ જશવંતરાય લક્ષ્મીશંકર મહેતા



**જન્મ : ૧૯ જાન્યુઆરી, ૧૯૨૫ ● સ્વર્ગવાસ : ૯ માર્ચ, ૨૦૦૯**

**જન્મ સ્થળ : જેતપુર**

**પરિચય :**

સ્વ. જશુભાઈ એલ.મહેતા (આદ્યતંત્રી, જનયુગ દૈનિક, સુરેન્દ્રનગર) મૂળ વતન જેતપુર ગામે રહેતા. લક્ષ્મીશંકર હિરજીભાઈ મહેતા અને ત્રિવેણીબેનના પ્રથમ સંતાન હતાં. તેમણે જુવાનિમાં પ્રવેશતા જ અભ્યાસની સાથે વિવિધ પ્રવૃત્તિ શરૂ કરી દીધી હતી. બાદમાં જેતપુરના ફૂલવાડી વિસ્તારમાં છાશ કેન્દ્ર તથા દૂધ કેન્દ્ર શરૂ કર્યું હતું. આ સેવાકીય પ્રવૃત્તિથી પ્રેરાઈને જેતપુરમાં તે સમયે દોડતી ઘોડાગાડીની સહકારી મંડળી બનાવી હતી. આ પ્રકારની મંડળી સમગ્ર ગુજરાતમાં સૌ પ્રથમ હતી. તેમની ઉત્તમ સેવાકીય પ્રવૃત્તિના કારણે તેઓને ઉદ્યોગપતિ સામે પ્રજાએ બહુમતીથી જીતાડીને સુધરાઈમાં પ્રતિનિધિ તરીકે મોકલ્યા હતા. તેમના પિતાજીની પ્રેરણાથી પત્રકારત્વ ક્ષેત્રે ઝંપલાવ્યું હતું.

જેતપુરના પ્રશ્નોને રાજકોટના દૈનિકોમાં પ્રસિદ્ધિ આપી વાચા આપી હતી. સાથોસાથ જેતપુરમાં ૬૦ વર્ષ પહેલા જનયુગ પાક્ષિક શરૂ કર્યું હતું. તેની સફળતાથી સાપ્તાહિક શરૂ કર્યું હતું અને જેતપુરથી રાજકોટ આવી પોતાની કર્મભૂમિ બનાવી હતી. રાજકોટના 'જનસત્તા' દૈનિકમાં પત્રકાર તરીકે જોડાઈ સારી કામગીરીને કારણે સહતંત્રી પદે કાર્યરત થયા હતા. બાદમાં નિવૃત્ત થઈ ફરી પ્રવૃત્તિમય થવા 'જયહિન્દ' દૈનિકમાં જોડાયા હતાં. સુરેન્દ્રનગર જિલ્લામાં વણખેડાયેલા ક્ષેત્રમાં 'જનયુગ' દૈનિક વર્ષ ૧૯૮૮માં શરૂ કરી તેમના પુત્ર દિલીપભાઈ સાથે ઝાલાવાડીઓના હૃદયમાં અનોખું સ્થાન પ્રાપ્ત કર્યું હતું.

સુરેન્દ્રનગરમાં તેમણે ગ્રાહક સુરક્ષા સંસ્થાની સ્થાપના કરી ગ્રાહકોની ફરિયાદોને વાચા આપી હતી. સાથોસાથ ડાયાબિટીસ ક્લબ અને સિનિયર સિટીઝન પેરેડાઇઝ જેવી પ્રવૃત્તિને વેગ આપ્યો હતો. તેઓ શિવભક્ત હતા. વર્ષોથી સૌરાષ્ટ્રના મહાદેવ મંદિરોનો ઈતિહાસ એકત્ર કરી 'સૌરાષ્ટ્રના મહાદેવ મંદિરો' નામનું પુસ્તક પ્રસિદ્ધ કર્યું હતું. આ ઉપરાંત રાજકોટમાં લક્ષ્મી સાર્વજનિક ટ્રસ્ટ સ્થાપીને તેના સંચાલન હેઠળ રાજકોટમાં લાયબ્રેરી શરૂ કરી હતી. તેઓએ તેમના કુળદેવી શ્રી ક્ષેમપ્રદા બ્રહ્માણી માતાજી દેવસ્થાન મણિયારી ગામે પ્રમુખપદે સેવા આપી હતી. તેમજ સુરેન્દ્રનગરથી મણિયારી સુધી સૌપ્રથમ પદયાત્રા સંઘનો પ્રારંભ પોતે જોડાઈને કર્યો હતો. સુરેન્દ્રનગરમાં પત્રકારત્વ ક્ષેત્રે ઉત્તમ કામગીરી અને સેવા ભાવનાના કારણે જશુભાઈનું વઢવાણના મેડિકલ હોલ ખાતે પ્રખર રામાયણી પૂજ્ય શ્રી મોરારિબાપુએ સન્માન કરી તેમની સેવાને બિરદાવી હતી.

## ◆ કુન્દનિકા નરોત્તમદાસ કાપડિયા



**જન્મ : ૧૧ જાન્યુઆરી, ૧૯૨૭● સ્વર્ગવાસ : ૩૦ એપ્રિલ, ૨૦૨૦**

**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર) તખ્ખલુસ : સ્નેહધન**

**પરિચય :**

પ્રાથમિક-માધ્યમિક કક્ષાનું શિક્ષણ ગોધરામાં. ૧૯૪૮માં ભાવનગરમાંથી બી.એ. થયા. મુખ્ય વિષયો રાજકારણ અને ઈતિહાસ. મુંબઈ સ્કૂલ ઓફ ઈકોનોમિક્સમાંથી 'એન્ટાયર પોલીટીક્સ' સાથે એમ.એ.

- ✦ વ્યવસાય : નવલકથાકાર, વાર્તા લેખક, નિબંધકાર 'યાત્રિક' (૧૯૫૫ થી ૧૯૫૭ સુધી) અને 'નવનીત' (૧૯૬૨ થી ૧૯૮૦) નાં સંપાદક
- ✦ તેમણે તેમના પતિ મકરંદ દવે સાથે વલસાડ પાસે આવેલા વાંકલ ગામે નંદીગ્રામ નામનો આશ્રમ સ્થાપ્યો હતો.
- ✦ ફિલસૂફી, સંગીત અને પ્રકૃતિ જેવા વિષયોને વિશેષ રીતે પ્રયોજતી એમની વાર્તાઓ રહસ્યમય હોય છે. સ્ત્રી અને પુરૂષો વચ્ચેના સંબંધોની સંકુલ અને નાજુક સમસ્યાઓના સંદર્ભે નારીજીવનની વ્યથાને નિરૂપતી નવલકથા, કેટલીક સત્ય ઘટનાઓ અને મુખ્યત્વે સ્ત્રીનું અસ્તિત્વ અને તેની અસ્મિતા વચ્ચેના સંઘર્ષની કથાનું આલેખન એ એમની આગવી ઓળખ ઊભી કરે છે. આધુનિક નારીના વિદ્રોહની કંઈક અંશે દસ્તાવેજી કથા પણ તેઓએ આલેખી છે. તેમના સર્જનમાં પાત્રોનાં મનોવિશ્લેષણો અને મનોમંથનો કથાઓને રસપ્રદ બનાવે છે.

**પ્રકાશિત પુસ્તકો અને કૃતિઓ :**

નવલિકા : પ્રેમનાં આંસુ, વધુ ને વધુ સુંદર, જવા દઈશું તમને, કાગળની હોડી, મનુષ્ય થવું

નવલકથા : પરોઢ થતાં પહેલા, અગનપિપાસા, સાત પગલાં આકાશમાં

નિબંધ : દ્વાર અને દીવાલ, ચંદ્ર તારા વૃક્ષ વાદળ પ્રાર્થના : પરમ સમીપે

અનુવાદ : પુરૂષાર્થને પગલે, કિશોર ડિટેક્ટીવ, વસંત આવશે, પૂર્ણ કુંભ, જીવન એક ખેલ, હિમાલયના સિદ્ધયોગી

'સાત પગલાં આકાશમાં' અને 'પરમ સમીપે' તેમના બહુ જ વખણાયેલાં અને વંચાયેલાં સર્જનો છે.

**પુરસ્કારો /સન્માનો :**

- ✦ એમની પ્રથમ રચના 'પ્રેમનાં આંસુ' વાર્તા છે. જન્મભૂમિ પત્રએ યોજેલી આંતરરાષ્ટ્રીય વાર્તા સ્પર્ધામાં આ વાર્તા પુરસ્કૃત થયેલી.
- ✦ ૧૯૮૪માં તેમને 'ધનજી કાનજી ગાંધી સુવર્ણચંદ્રક' મળ્યો હતો.
- ✦ ૧૯૮૫માં સાહિત્ય અકાદમી, દિલ્હીનો પુરસ્કાર તેમને તેમની નવલકથા 'સાત પગલાં આકાશમાં' માટે મળ્યો.
- ✦ તેમને ગુજરાતી સાહિત્ય પરિષદ અને ગુજરાત સાહિત્ય અકાદમી તરફથી સંખ્યાબંધ પુરસ્કારો પ્રાપ્ત થયા હતા.

## ◆ મોહમ્મદ માંકડ



જન્મ : ૧૩ ફેબ્રુઆરી, ૧૯૨૮

સ્વર્ગવાસ : ૫ નવેમ્બર, ૨૦૨૦

જન્મ સ્થળ : પાળિયાદ (સૌરાષ્ટ્ર)

**પરિચય :**

✦ સુરેન્દ્રનગરમાં કાયમી વસવાટ અને પૂર્ણ સમય માટે લેખનને વ્યવસાય તરીકે સ્વીકાર્યું.

✦ તેઓ ગુજરાતી સાહિત્ય અકાદમીના પ્રથમ પ્રમુખ હતા.

✦ ગુજરાત સમાચારમાં 'કેલીડોસ્કોપ' નામની લોકપ્રિય કોલમ ઘણાં વર્ષો સુધી ચલાવી હતી.

✦ 'ધી અધર ટાઈમ' નામે સમય વિશે તત્વ ચિંતનનું પુસ્તક અંગ્રેજીમાં લખેલું, જેને છેક બ્રિટન સુધી આવકાર મળેલો.

**પ્રકાશિત કૃતિઓ :**

✦ નવલકથા : કાયર, ધુમ્મસ, માટીની ચાદર, વેળાના વછૂટ્યાં , હવામાં કોની સુગંધ, બંધ નગર, ઝંખના, હજી ચાંદમાં ડાઘ છે, અજાણ્યાં બે જણ, ગ્રહણરાત્રિ, મોરપિચ્છના રંગ, વંચિતા, રાતવાસો, ખેલ, દંતકથા, મદારવૃક્ષ નીચે

✦ નવલિકા સંગ્રહ : ના, ઝાકળનાં મોતી, મનના મરોડ, વાતવાતમાં, તપ, ક્યારે આવશો ?

✦ પ્રેરણાત્મક નિબંધો : આજની ક્ષણ, કેલિડોસ્કોપ (ભાગ ૧-૪); સુખ એટલે, આપણે માણસો (ભાગ ૧-૨)

✦ બાળકથાઓ : ચંપક કથાઓ (ભાગ ૧-૨)

✦ અનુવાદ : મહાનગર

**એવોર્ડ અને સન્માન :**


✦ રણજિતરામ સુવર્ણચંદ્રક (૨૦૦૭)

✦ ૧૯૬૭ અને ૧૯૯૨માં ગુજરાત સાહિત્ય અકાદમીના પુરસ્કારો તેમને પ્રાપ્ત થયા હતાં.

✦ ગુજરાત સરકાર તરફથી ૧૯૬૯, ૧૯૭૧ અને ૧૯૭૩ માં પુરસ્કારો મળેલાં.

✦ ૨૦૧૯ માં ગુજરાત સાહિત્ય અકાદમીનો ૨૦૧૮ નો ગૌરવ પુરસ્કાર એનાયત થયેલો.

## ◆ મનુભાઈ ગઢવી



**જન્મ : ૫ એપ્રિલ, ૧૯૨૯**

**સ્વર્ગવાસ : ૧૦ જૂન, ૨૦૧૦**

**જન્મ સ્થળ : ઈથોપિયા**

વતન : રાજસીતાપુર તા. ધ્રાંગધ્રા જિ. સુરેન્દ્રનગર!

કર્મભૂમિ : મુંબઈ મહારાષ્ટ્ર.

**પરિચય :**

એક ઉત્તમ કક્ષાના લોકસાહિત્યકાર તજજ્ઞ, ચિંતક, લેખક, દિગ્દર્શક, અભિનેતા અને ગીતકાર. એમણે ગુજરાત બહાર મુંબઈમાં સૌ પ્રથમ લોકડાયરો યોજ્યો. આપણી લોકસંસ્કૃતિની વાતો દોહા-છંદ-લોકગીતો શું કહેવાય એની પહેલી સમજ આપી મુંબઈમાં ડાયરાઓ ગૂંજતા કર્યા.

✦ લેખન : એમનું લોકગીતોનુ સંકલન કરતુ 'સોના વાટકડી' પુસ્તક ખૂબ પ્રસિદ્ધ થયેલું. એમની એક લોકવાર્તા 'બાજુડો'. દેશ-વિદેશમાં પ્રસિદ્ધ થયેલી. ગ્રામ્ય ગરીબ માણસનું જીવન અભાવમાં પણ કેવી મોજ માણતું હોય છે એની વાત છે બાજુડો અને બાજુડી. મનુભાઈ ગઢવીની જૈન સાહિત્ય ઉપર પણ ઘણી પકડ હતી.

✦ ગુજરાતી ફિલ્મો : 'કસૂંબીનો રંગ' અને 'કંકુ પગલાં' એવોર્ડ વિજેતા ફિલ્મો હતી. આ બંને ફિલ્મનું શૂટિંગ પણ એમણે રાજસીતાપુરમાં કરેલું.

✦ સમાજસેવા : રાજસીતાપુરમાં પાણીની સમસ્યાને ઉકેલવા એમણે ગૌ પૂજન કરાવી ગાયની પ્રતિમા મૂકાવેલી.

એમનું ઘર આજે પણ રાજસીતાપુરમાં છે, જે મનુભાઈ ગઢવીની યાદ આપતુ અડીખમ ઊભું છે. આજે પણ એ દરવાજાને 'ગાય દરવાજો' કહેવામાં આવે છે. રાજસીતાપુરની હાઈસ્કૂલનાં નિર્માણમાં પણ એમનો અનન્ય ફાળો હતો. પૂ. મોરારિબાપુના હસ્તે એનું લોકાર્પણ કરાવવામાં આવેલું. એમનાં દીકરા સંજય ગઢવી પણ બહુ ઊંચા ગજાના ફિલ્મ દિગ્દર્શક હતા. એમની હિન્દી ફિલ્મ 'ધૂમ' પણ સુપરડુપર રહી હતી.

## ◆ લાભશંકર રાવલ 'શાયર'



**જન્મ : ૧૬ મે, ૧૯૩૧**
**સ્વર્ગવાસ : ૬ ઓગસ્ટ, ૨૦૧૧**
**જન્મ સ્થળ : ખોડુ (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

લાભશંકર વેણીશંકર રાવલ 'શાયર' ગુજરાતી સાહિત્યના એક બહુમુખી પ્રતિભા ધરાવતા સાહિત્યકાર, કવિ અને નિષ્ઠાવાન અધ્યાપક હતા. વતન વઢવાણ હોવાથી ઝાલાવાડની ધરતીના સંસ્કારો તેમના સાહિત્યમાં વણાયેલા જોવાં મળે છે. તેમણે પ્રાથમિક શિક્ષણ જોરાવનગરની શાળા નંબર ૭ માં અને માધ્યમિક શિક્ષણ સુરેન્દ્રનગરની એન.ટી.એમ. હાઈસ્કૂલમાંથી મેળવ્યું હતું. ત્યારબાદ એમ.પી. શાહ આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાંથી ઉચ્ચ શિક્ષણ લઈ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીમાંથી એમ.એ. (ગુજરાતી) અને રાષ્ટ્રભાષા કોવિદની પદવી પ્રાપ્ત કરી હતી. તેઓ જામનગરની ડી.કે.વી. આર્ટ્સ એન્ડ સાયન્સ કોલેજમાં ગુજરાતી વિષયના અધ્યાપક અને વિભાગીય અધ્યક્ષ તરીકે લાંબો સમય સેવા આપી નિવૃત્ત થયા હતા.

**સાહિત્યિક પ્રદાન :**

લાભશંકર રાવલે ૧૯૫૧થી પોતાની સાહિત્યિક સફર શરૂ કરી હતી. તેઓ કવિ, વાર્તાકાર, નવલકથાકાર, વિવેચક અને અનુવાદક તરીકે જાણીતા છે.


**તેમના મુખ્ય પ્રકાશનોમાં :**

૧. કાવ્યસંગ્રહઃ કસુંબો (૧૯૫૫)
૨. શિવાયન (૧૯૮૧)
૩. વસંત પાછી મહોરી (૨૦૦૨)
૪. આજો મોરા દેશ (લઘુ નવલ-૧૯૬૨)
૫. બાળસાહિત્ય : 'ગીત અમે તો ગાવાના' (૨૦૦૦), જેના માટે તેમને પારિતોષિક પણ મળ્યું હતું.
૬. વાર્તા/નવલકથા : જીવનના વહેણો (વાર્તા સંગ્રહ-૧૯૫૧)
૭. અધ્યાત્મ : અહમ થી સોહમ (૨૦૦૯)
૮. સંભોગ થી સમાધિ તરફ (અનુવાદ)
૯. સ્તુતિ અને ભક્તિઃ નીતિ અથેતી, પ્રભુ આવે અને દુર્ગાસપ્તશતી કથાકાવ્ય.

**વિશેષતા :**

તેઓ 'પલાશ' મેગેઝીનના લેખક અને સંપાદક પણ રહ્યા હતા. ગાંધીયુગના આંદોલનોની અસર અને સંસ્કૃત મહાકાવ્યોનું ઊંડું જ્ઞાન તેમના લેખનમાં સ્પષ્ટ દેખાય છે. નિવૃત્તિ પછીનું જીવન તેમણે શિવભક્તિમાં વિતાવ્યું હતું. ૬ ઓગસ્ટ, ૨૦૧૧ના રોજ તેમનું અવસાન થયું હતું. ગુજરાતી સાહિત્યમાં તેમનું યોગદાન એક સંનિષ્ઠ સાધક તરીકે કાયમ યાદ રહેશે.

## ◆ દિલીપ રાણપુરા



**જન્મ : ૧૪ નવેમ્બર, ૧૯૩૨**
**સ્વર્ગવાસ : ૧૬ જુલાઈ, ૨૦૦૩**
**જન્મ સ્થળ : ધંધુકા**

**પરિચય :**

૧૯૫૦માં તેમણે વર્નાક્યુલર ફાઈનલ કર્યા પછી ૧૯૫૯માં જુનિયર પી.ટી.સી.નો અભ્યાસ પૂર્ણ કર્યો અને શરૂમાં સર્વોદય યોજનામાં જોડાયા પછી શિક્ષણ વ્યવસાયમાં આવ્યા. જુદી જુદી જગ્યાએ પ્રાથમિક શાળાઓમાં શિક્ષક તરીકે રહ્યા પછી તેઓ બજાણામાં પ્રાથમિક શાળાના આચાર્ય રહ્યા હતા.

સાહિત્યિક પરિચય :

ગુજરાતી ભાષાના નવલકથાકાર, વાર્તાકાર, ચરિત્રકાર હતાં. એમણે ચાલીસથી વધુ નવલકથાઓ લખી છે,

**જેમાં ગણનાપાત્ર નવલકથાઓ :**


'સૂકી ધરતી, સૂકા હોઠ' (૧૯૬૭), 'આ કાંઠે તરસ', 'પળના પડઘા', 'નિયતિ' (૧૯૭૬), 'આંસુભીનો ઉજાસ' (૧૯૮૪), 'પીઠે પાંગર્યો પીપળો' (૧૯૮૭), 'વાસંતી ડૂસકાં', 'અંતરિયાળ' (૧૯૮૯), 'રમત', 'રસ્તો' ઇત્યાદિ. મહદ્અંશે તેઓ વાસ્તવિક અનુભૂતિને કથારૂપ આપે છે. ગ્રામપ્રદેશની ચીખ, ભાવનાનો પુટ, પ્રણયભાવ, નિયતિનો સ્વીકાર, સંઘર્ષ, વેદના એમની નવલકથાઓનો સ્થાયીભાવ છે. તેઓ પાત્રનું આલેખન સહજતયા કરે છે. તેઓ એમાં સમાજની વાસ્તવિકતાને પણ છતી કરે છે. ભાષામાં આયાસ નથી. ક્યારેક નિરૂપણમાં તળપદી બોલીનો સાર્થ વિનિયોગ કરે છે. એમનું ગદ્ય પરિવેશ મુજબનું હોય છે. એમની યશસ્વી નવલકથા 'મીરાંની રહી મહેક' છે. એ આત્મકથનાત્મક કૃતિ છે. એનું સાહિત્યિક મૂલ્ય ઓછું નથી. એમના વાર્તાસંગ્રહો, સંસ્મરણકથાઓ, શિક્ષકકથાઓ, બોધકથાઓ, પ્રસંગકથાઓ અને પ્રણયકથાઓ પણ છે. 'ધોળી મજૂરી, કાળું લોહી' અને 'સૂકા દુકાળની ભીની વાતો'માં લોકજીવનની વાસ્તવિક વાતો છે. 'દીવા તળે ઓછાયા' એમની સંસ્મરણકથા છે, 'વાત એક માણસની' (૧૯૮૫) એ ચરિત્ર નિબંધોનો સંગ્રહ છે. 'લાગણીનાં ફૂલ', 'છવિ' (૧૯૮૯) અને 'સુગંધ સંબંધોની'માં રેખાચિત્રો છે.

## ◆ નલિન રાવલ

**જન્મ : ૧૭ માર્ચ, ૧૯૩૩**

**સ્વર્ગવાસ : ૫ એપ્રિલ, ૨૦૨૧**

**જન્મ સ્થળ : અમદાવાદ**



**પરિચય :**

નલિન રાવલ વઢવાણના વતની હતા. તેઓ કવિતા અને ટૂંકી વાર્તા લખતા હતા. તેમણે ટૂંકી વાર્તાઓ સાથે પાંચ કાવ્યસંગ્રહો પ્રકાશિત કર્યા. ૧૯૫૩માં તેમની પહેલી કવિતા કુમાર મેગેઝિનમાં પ્રકાશિત થઈ. તેમણે થોડા સમય માટે ભરૂચ અને નડિયાદમાં શિક્ષણ આપ્યું અને પછી અમદાવાદની બી.ડી. આર્ટ્સ કોલેજમાં અંગ્રેજીના પ્રોફેસર તરીકે જોડાયા.

**સાહિત્યસર્જન :**

તેમણે પાંચ કાવ્યસંગ્રહો પ્રકાશિત કર્યા હતાં. ઉદાગર (ઉત્તર, ૧૯૬૨) એ એકવીસ કવિતાઓનો સંગ્રહ છે. અવકાશ (૧૯૭૨), લેલિન (૧૯૯૬) અને આહલાદ (૨૦૦૮) તેમના અન્ય કાવ્યસંગ્રહો છે. સ્વપ્નલોક (૧૯૭૭) એ સોળ ટૂંકી વાર્તાઓનો સંગ્રહ છે. પશ્ચિમ કવિતા (૧૯૭૩), કવિતાનું સ્વરૂપ (૨૦૦૧) એ અન્ય કવિઓ અને તેમની કૃતિઓનો ટીકાત્મક સર્વે છે. અનુભવ (૧૯૭૫) એ કવિતા સાથેના તેમના સંબંધ પર નિબંધો છે. તેમણે પ્રિયકાંત મણિયારનની કવિતાઓનું સંપાદન કર્યું છે. તેમણે સિંધી સાહિત્યના ઈતિહાસની રૂપરેખા (સિંધી સાહિત્યના ઈતિહાસની સમયરેખા , ૧૯૭૭)નો અનુવાદ કર્યો.

**પુરસ્કારો :**

- કવીશ્વર દલપતરામ એવોર્ડ (૨૦૧૦)
- નરસિંહ મહેતા એવોર્ડ (૨૦૧૩)
- રણજીતરામ સુવર્ણ ચંદ્રક (૨૦૧૩)

## ◆ વિષ્ણુકુમાર શિવલાલ મહેતા



**જન્મ : ૩૦ માર્ચ, ૧૯૩૩**

**સ્વર્ગવાસ : ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૦**

**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા પ્રકાશિત 'ગુજરાતી સાહિત્યકાર પરિચયકોશ' માં આલેખાયેલ વિષ્ણુકુમાર અમૃતલાલ મહેતા 'વિશ્વેશ'ની સર્જનયાત્રા એક સમર્થ સાહિત્યકારની જીવનકથા રજૂ કરે છે. ૩૦ માર્ચ, ૧૯૩૩ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી મુકામે જન્મેલા વિષ્ણુકુમાર મહેતાએ ગુજરાતી સાહિત્યમાં નવલકથા, નવલિકા, નાટક અને સંપાદન ક્ષેત્રે બહુમૂલ્ય પ્રદાન કર્યું છે.

**શૈક્ષણિક અને વ્યાવસાયિક કારકિર્દી :**

તેમણે ૧૯૬૭માં ગુજરાત યુનિવર્સિટીમાંથી ગુજરાતી મુખ્ય વિષય સાથે એમ.એ.ની પદવી પ્રાપ્ત કરી હતી. વ્યવસાયે તેઓ અધ્યાપક હતા અને 'શબ્દલોક' સામયિકના સંપાદન કાર્ય સાથે સંકળાયેલા રહી સાહિત્યની સેવા કરી છે.

**નવલકથાઓ :**

'દાવાનળ', 'અમરભારતી', 'ચાંદનો ડાઘ', 'કાચઘરનો કેદી', 'સ્મૃતિ-ભંગ' અને 'મન દરિયાના લીલા ફીણ' જેવી અનેક નોંધપાત્ર નવલકથાઓ તેમણે આપી છે. તેમની કૃતિઓ સામાજિક સંબંધો અને માનવીય મનોભાવોનું સચોટ ચિત્રણ કરે છે.

**નવલિકા અને સંગ્રહો :**

'અમૃતવેલ', 'અનરાધાર' અને 'ઈન્દ્રધનુષના રંગો' જેવા સંગ્રહો દ્વારા તેમણે ટૂંકી વાર્તાના ક્ષેત્રે પોતાની ક્ષમતા સાબિત કરી છે.

**નાટક અને સ્તંભ લેખન :**

તેમણે 'અઢારે આલમ' જેવી એકાંકી નાટિકા આપી છે, સાથે જ આકાશવાણી રાજકોટ પરથી તેમના વીસેક નાટકો પ્રસારિત થયા છે. 'સંદેશ' દૈનિકમાં તેમની 'ઈન્દ્રધનુષના રંગો' કોલમ વાચકોમાં ખૂબ લોકપ્રિય રહી હતી.

**પારિતોષિકો :**

તેમની સર્જનશક્તિને અનેકવાર બિરદાવવામાં આવી છે. 'અમૃતવેલ', 'સાધુ તો ચલતા ભલા' અને 'અનરાધાર' જેવી નવલિકાઓને 'ગુજરાત સમાચાર' અને 'સવિતા' જેવી વાર્તા સ્પર્ધાઓમાં પ્રથમ ઈનામ પ્રાપ્ત થયા છે.

## ◆ લાભશંકર જાદવજીભાઈ ઠાકર



તખ્ખલુસ : લઘરો, પુનર્વસુ

જન્મ : ૧૪ જાન્યુઆરી, ૧૯૩૫

સ્વર્ગવાસ : ૬ જાન્યુઆરી, ૨૦૧૬

જન્મ સ્થળ : સેડલા તા. પાટડી

**પરિચય :**

નાટ્યકાર, નવલકથાકાર, નિબંધકાર, વિવેચક તેમજ આયુર્વેદ ચિકિત્સક એવા લાભશંકર ઠાકરનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના સેડલા ગામમાં થયો હતો. તેઓ ગુજરાતી મુખ્ય વિષય સાથે ૧૯૫૭માં સ્નાતક થયા. ઈ.સ ૧૯૫૯માં અનુસ્નાતક થયા તથા ઈ.સ ૧૯૬૪માં શુદ્ધ આયુર્વેદિક કોર્સની ડિપ્લોમાની પદવીઓ હાંસલ કરી.

લાભશંકર ઠાકર સાતેક વર્ષ અમદાવાદ શહેરની વિવિધ કોલેજોમાં અધ્યાપક તરીકે રહ્યા હતા અને ત્યારબાદ ચિકિત્સાલયમાં આયુર્વેદિય ચિકિત્સક તરીકે વ્યવસાય કરતા હતા.

**સાહિત્ય સર્જન :**

'શોધતો તો હું, કુળ મારૂં ક્યાં છે? ક્યાં છે મારૂં મૂળ?'

**કાવ્યસંગ્રહો :**

- ✦ વહી જતી પાછળ રમ્યા ઘોષા (૧૯૬૫), માણસની વાત (૧૯૭૮), મારે નામને દરવાજે (૧૯૭૨), લઘરો,
- ✦ ગુમ કાગળમાં કોરા (૧૯૭૪), પ્રવાહ (૧૯૮૬), હથિયાર વગરનો ઘા (૨૦૦૦)
- ✦ નાટકો
- ✦ એક ઉંદર અને જદુનાથ (૧૯૬૪),અસત્ય કુમાર એકાગ્રની ધરપકડ (૧૯૬૭)

**એકાંકી સંગ્રહો :**

- ✦ મરી જવાની મજા (૧૯૭૩), બાથટબમાં માછલી (૧૯૮૨), પીળું ગુલાબ અને હું (૧૯૮૫)

**નવલકથાઓ :**

અકસ્માત (૧૯૬૮), કોણ (૧૯૬૮), હાસ્યચન, ચંપક ચાલીસા, અનાસ પનાસ, પીવરી નિબંધ, બાળ સાહિત્ય અને આયુર્વેદના લેખનમાં પણ તેમનું પ્રદાન છે. તેમણે આદિલ મન્સૂરી જેવા મિત્રો સાથે મળીને રે મઠની સ્થાપના કરેલી. રે મઠ દ્વારા પરંપરાનું વિચ્છેદ કરતા મઠ કૃતિ અને ઉન્મુલન નામના સામાયિકો પણ ચલાવેલા.

**એવોર્ડ અને સન્માન :**

૧૯૬૨માં તેમને 'કુમાર સુવર્ણચંદ્રક' અને 'નર્મદ સુવર્ણચંદ્રક' પ્રાપ્ત થયો હતો. ૧૯૮૦માં તેમને 'રણજિતરામ સુવર્ણચંદ્રક' એનાયત થયો હતો. ૧૯૯૧માં તેમને 'ટોળા અવાજ ઘોંઘાટ' માટે સાહિત્ય અકાદમી પુરસ્કાર મળ્યો હતો. ૨૦૦૨માં તેમને ગુજરાતી સાહિત્ય અકાદમી તરફથી 'સાહિત્ય ગૌરવ' પુરસ્કાર મળ્યો હતો.

## ◆ હસમુખભાઈ રાવલ



**જન્મ : ૧૩ ફેબ્રુઆરી, ૧૯૩૪**
**સ્વર્ગવાસ : ૨૭ ઓક્ટોબર, ૨૦૨૦**
**જન્મ સ્થળ : લખતર**

**પરિચય :**

શ્રી હસમુખ રાવલ ઝાલાવાડના લખતર ગામના પનોતા પુત્ર અને ભારતીય પ્રસારણ તથા સાહિત્ય જગતની બહુમુખી પ્રતિભા છે. સાધારણ આર્થિક સ્થિતિ અને ગ્રામીણ વાતાવરણમાં ઉછરેલા હસમુખભાઈએ તેમની મહેનત અને સર્જનાત્મકતા દ્વારા રાષ્ટ્રીય ફલક પર નામ રોશન કર્યું છે. તેઓ માત્ર લેખક જ નહીં, પણ ઉમદા ગાયક અને રંગભૂમિના સશક્ત અભિનેતા પણ રહ્યા છે. તેમણે અનેક પ્રયોગશીલ અને સામાજિક નાટકો દ્વારા ગુજરાતી તખ્તાને સમૃદ્ધ કર્યો છે. તેમનું પુસ્તક 'નાટ્યસ્વરૂપ' આ ક્ષેત્રે એકમાત્ર અને મહત્વનું પુસ્તક ગણાય છે. આમ, હસમુખ રાવલ એક સાચા અર્થમાં 'નખશીખ રંગભૂમિના માણસ' અને પ્રતિભાશાળી પ્રસારણકર્તા છે.

**કારકિર્દીનો પ્રારંભ અને આકાશવાણી :**

તેમણે ૧૯૫૫માં આકાશવાણી રાજકોટ ખાતે ક્લાર્ક તરીકે નોકરી શરૂ કરી હતી. ટાઈપિસ્ટ બનવા ગયેલા હસમુખભાઈના મનમાં સતત નાટકના પાત્રો ચાલતા હતા, જે તેમને છેવટે પ્રોગ્રામ વિભાગમાં લઈ ગયા. તેઓ વર્ષો સુધી આકાશવાણીમાં નાટ્ય-નિર્માતા (Drama Producer) તરીકે સેવા આપી આસિસ્ટન્ટ સ્ટેશન ડાયરેક્ટરના પદેથી નિયામક તરીકે નિવૃત્ત થયા. ભારત સરકાર દ્વારા તેમની સેવાની કદરરૂપે તેમને IAS સમકક્ષ IBPS અધિકારીનો દરજ્જો આપવામાં આવ્યો હતો.

**રાષ્ટ્રીય સિદ્ધિ :**

શ્રી હસમુખભાઈ રાવલની કારકિર્દીનું સુવર્ણ પ્રકરણ ૧૯૭૫ની અખિલ ભારતીય રેડિયો નાટક સ્પર્ધા છે. જેમાં વિશ્વવિખ્યાત દિગ્દર્શક સત્યજીત રેના નાટક સામે હસમુખભાઈ દ્વારા લિખિત અને દિગ્દર્શિત નાટક 'ઉત્પાદન નારાયણની કથા' સમગ્ર ભારતમાં પ્રથમ આવ્યું હતું. આ સિદ્ધિએ લખતર અને ઝાલાવાડનું નામ આખા દેશમાં ગુંજતું કર્યું.

**સાહિત્યિક અને કલાકીય યોગદાન :**

- ✦ ૪૦૦૦ થી વધુ રેડિયો નાટ્ય નિર્માણ અને લગભગ ૩૦૦ થી વધુ મૌલિક નવલિકાઓ.
- ✦ ૧૯૭૫ માં નાટ્ય નિર્માણનો રાષ્ટ્રપતિ એવોર્ડ તેમજ ૫૦ થી વધારે સન્માનપત્રો.
- ✦ ચંદ્રશેખર આઝાદ, તાત્યા ટોપે અને સરદાર પટેલ જેવા મહાનુભાવો પર ૧૩ જેટલા ચરિત્ર-ગ્રંથો.
- ✦ પ્રસિદ્ધ વાર્તાકાર 'ધૂમકેતુ'ની ૩૪ વાર્તાઓનું નાટ્યરૂપાંતર.
- ✦ વડીલો માટેનો અત્યંત લોકપ્રિય રેડિયો કાર્યક્રમ 'ઝાલરટાણું'.

## ◆ શ્રી પ્રભુલાલ દોશી



**જન્મ : ૦૨ મે, ૧૯૩૬**
**સ્વર્ગવાસ : ૨૭ સપ્ટેમ્બર, ૨૦૧૯**

**પરિચય :**

સુરેન્દ્રનગર જિલ્લાના વઢવાણના વતની શ્રી પ્રભુલાલ વાડીલાલ દોશીનો જન્મ ૦૨-૦૫-૧૯૩૬ના રોજ થયો હતો. ગુજરાતી સાહિત્ય જગતનું એક બહુમૂલ્ય રત્ન છે. તેઓ મુખ્યત્વે બાળસાહિત્યકાર તરીકે જાણીતા છે, પરંતુ તેમનું લેખનકાર્ય ગણિત, વિજ્ઞાન અને ભાષાશાસ્ત્ર જેવા વિવિધ વિષયોમાં વિસ્તરેલું છે.

**બાળસાહિત્યમાં પ્રદાન અને વિશિષ્ટ પ્રયોગો :**

બાળકો માટે વાર્તાઓ, ગીતો અને નાટકોનું વિપુલ સર્જન કર્યું છે. તેમની રચનાઓ માત્ર બાળ સામયિકો પૂરતી મર્યાદિત ન રહેતા ‘આકાશવાણી’ પરથી પણ પ્રસારિત થઈ છે. તેમની લેખનશૈલીની સૌથી મોટી વિશેષતા ‘એક જ મૂળાક્ષર પરથી આખી વાર્તા’ લખવાનો અનોખો પ્રયોગ છે. આ પ્રકારનું સર્જન અત્યંત કઠિન હોવા છતાં તેમણે તેને સહજતાથી પ્રસ્તુત કર્યું છે. તેમની આ સાહિત્યિક સેવા બદલ ગુજરાત સાહિત્ય અકાદમી, ગાંધીનગર તરફથી તેમને ૬ જેટલા પારિતોષિકો એનાયત કરવામાં આવ્યા છે. ગણિત અને વિજ્ઞાન ક્ષેત્રે લેખન સાહિત્યની સાથે જ્ઞાનના વિષયોમાં પણ તેમનો દબદબો રહ્યો છે.


ગણિત : ‘વૈદિક ગણિત’, ‘ગણિત પંચામૃત’ અને ગણિતના કોયડાઓ જેવાં ગણિત વિષય પર ૫૦થી વધુ પુસ્તકો આપ્યા છે.

વિજ્ઞાન : બાળકો વિજ્ઞાનને સરળતાથી સમજી શકે તે માટે ‘સુલભ વિજ્ઞાન પ્રોજેક્ટ્સ’, ‘વિજ્ઞાન-વિસ્મય’ અને ‘રસાયણ વિજ્ઞાનના મૂળતત્વો’ જેવા પુસ્તકો લખ્યા છે.

**સાહિત્યિક સર્જન :**

બાળકો માટે જ નહીં, પરંતુ મોટેરાંઓ માટે પણ કાવ્યો, મુક્તકો, લઘુકથાઓ અને અપરાધકથાઓનું સર્જન કર્યું છે. ભાષા પ્રત્યેના તેમના ઊંડા અભ્યાસના પરિપાકરૂપે અંગ્રેજી શબ્દોના મૂળ (Etymology) વિશે તેમણે બે દળદાર ગ્રંથો રચ્યા છે. કુલ ૧૯૦ જેટલા પુસ્તકોના સર્જક એવા પ્રભુલાલ દોશીએ ગુજરાતી અને અંગ્રેજી બંને ભાષામાં લેખન કરીને જ્ઞાન અને મનોરંજનનો અદભૂત સમન્વય સાધ્યો છે. ‘ભાગાકારનો ભપકો’ થી લઈને ‘વિજ્ઞાન વૈભવ’ સુધીના તેમના પુસ્તકો આજે પણ નવી પેઢીને જ્ઞાન પીરસી રહ્યા છે.

## ◆ રાજકવિ શંકરદાન દેથા



જન્મ : ૧૮૯૨ ● સ્વર્ગવાસ : ૧૯૭૨

જન્મ સ્થળ : વસ્તડી તા. ચુડા (સુરેન્દ્રનગર)

પૂરું નામ : શંકરદાન જેઠીભાઈ દેથા

ઉપનામ : કવિરાજ, શંકર, લીંબડીના રાજકવિ

**પરિચય :**

લોકસાહિત્ય અને ચારણી સાહિત્યનાં ક્ષેત્રમાં શંકરદાન દેથા એક અત્યંત આદરણીય નામ છે. તેઓ લીંબડી રાજ્યના રાજકવિ તરીકે જાણીતા હતા.

શંકરદાન દેથા મધ્યયુગીન ચારણી પરંપરાના આધુનિક સમયના સમર્થ કવિ હતા. તેમના વ્યક્તિત્વમાં નિર્ભયતા, ઉદારતા અને સત્યવક્તા જેવા ગુણો વણાયેલા હતા. તેમણે તેમના જીવનના આઠ દાયકા દરમિયાન સાહિત્ય દ્વારા સમાજને દિશા આપવાનું કાર્ય કર્યું. તેઓ ખાસ કરીને તેમના ‘શંકરાના દુહા’ માટે અત્યંત લોકપ્રિય છે, જેમાં તેમણે જીવનની ફિલોસોફી અને નીતિની વાતો ખૂબ જ સરળ પણ ચોટદાર રીતે રજૂ કરી છે.

**પ્રકાશિત પુસ્તકો (મુખ્ય કૃતિઓ) :**

તેમણે અનેક આધ્યાત્મિક અને વીરરસની કૃતિઓનું સર્જન તથા સંપાદન કર્યું છે.

- ✦ શંકરાના દુહા : (જીવન દર્શન અને નીતિ પર આધારિત પ્રખ્યાત દુહા)
- ✦ કિશન બાવની : ભગવાન કૃષ્ણની સ્તુતિ કરતી રચના
- ✦ શામળા સ્મરણ માળા : કૃષ્ણ ભક્તિના દુહા અને છંદ
- ✦ પ્રેમ પુકાર : ભક્તિરસની રચના
- ✦ પાંડવ યશેન્દુ ચંદ્રિકા : પૌરાણિક વિષય પર આધારિત
- ✦ દેવિયાણ : માતાજીની સ્તુતિ (ભક્તિ સાહિત્ય)
- ✦ પ્રભાનાથ ને કાવ્ય કુસુમાંજલિ : તેમની અન્ય જાણીતી કૃતિ
- ✦ સુખાયા સંજીવની : દુર્સાજી આઢાની કૃતિનું સંપાદન

**એવોર્ડ અને સન્માન :**


- ✦ તેમણે લાંબો સમય લીંબડી દરબારમાં રાજકવિ તરીકે સેવા આપી હતી, જે એ સમયનું ખૂબ મોટું ગૌરવ ગણાતું.
- ✦ ચારણી સાહિત્યના સંવર્ધન માટે તેમને વિવિધ સાહિત્યિક સંસ્થાઓ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા હતા.
- ✦ તેમના દુહાઓ આજે પણ લોકસાહિત્યના ડાયરાઓમાં પૂજ્ય મોરારીબાપુ અને અન્ય કલાકારો દ્વારા ખૂબ જ આદર સાથે ગવાય છે.

## ◆ ડૉ. રમણીકલાલ છગનલાલ મારૂ

**જન્મ : ૦૨ નવેમ્બર, ૧૯૩૭**

**સ્વર્ગવાસ : ૦૮ ડિસેમ્બર, ૧૯૨૨**

**જન્મ સ્થળ : વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**



**પરિચય :**

ગુજરાતી ભાષા સાહિત્ય, ચારણી-ડિંગળી સાહિત્ય, લોકસાહિત્ય અને સંતસાહિત્યના ઊંડેરા અભ્યાસી અને તેજસ્વી અધ્યાપક. ચારણ કવિ સાંયાજી ઝૂલા અને તેમના સાહિત્ય ઉપર પ્રા.પુષ્કર ચંદરવાકર ઉપર લોકસાહિત્યમાં Ph.D. કર્યું. મદદનીશ શિક્ષક, વ્યાખ્યાતા, પ્રોફેસર અને ગુજરાતી વિભાગના અધ્યક્ષ તરીકેની કામગીરી કરી છે. Ph.D.ના માર્ગદર્શક, પ્રકાશપુંજ (માસિક)ના તંત્રી, જાગૃતિ (બાળ વિભાગ)ના સંપાદક, વિરાટ ભારત (સાપ્તાહિક)ના સંપાદક અને અનુભાવન (દ્વિમાસિક સાહિત્ય માસિક)ના સહતંત્રી તરીકે કામગીરી કરી છે.

**સાહિત્યસર્જન :**

છંદોવિમર્શ (૧૯૮૫), છંદો વિચાર (૧૯૮૭), છંદોની દુનિયામાં (૧૯૮૮), ડિંગળનું પિંગળ (૧૯૮૯), છંદમીમાંસા (૧૯૯૧), કાવ્યતત્ત્વપ્રકાશ, કવિજન કુંડળિયો (૨૦૦૧), ચારણી ભાષાનું પિંગળશાસ્ત્ર (૨૦૧૧) જેવાં પુસ્તકો પ્રકાશિત થયેલાં છે. સંતવાણી વિમર્શ-૧ (૨૦૦૭), સંતવાણી વિમર્શ-૨ (૨૦૦૯) અને 'ગિરા નદીને તીર'નું સંપાદન કરેલ છે. અવબોધ (૧૯૯૯), ભાવપ્રકાશ (૨૦૦૨) અને શબ્દ વિમર્શ (૨૦૦૬) પુસ્તકોના વિવેચન કરેલાં છે. માનવધર્મ (૧૯૮૭) અને મુક્તિના ચાર દ્વારપાળ (૧૯૯૬)ના અનુવાદ અને તેમનો ગઝલસંગ્રહ 'હું મને મળવા મથું' (૧૯૯૮) પ્રકાશિત થયેલ છે.

**પુરસ્કાર-સન્માન :**

- ✦ ચારણ સાહિત્ય ઉત્કર્ષ ટ્રસ્ટ-રાજકોટ દ્વારા ૧૯૮૦માં સન્માન.
- ✦ અજમેર (રાજસ્થાન)ની ચારણ સાહિત્ય શોધ સંસ્થાન દ્વારા ૧૯૯૦માં સન્માન.
- ✦ ડૉ. આર.સી.મારૂ અમતૃ મહોત્સવ સમિતિ-ધ્રાંગધ્રા 'અમતૃ મહોત્સવ-૨૦૧૨' સન્માન.

## ◆ પુંજલભાઈ રબારી



**જન્મ : ૧૩ એપ્રિલ, ૧૯૩૭**

**સ્વર્ગવાસ : ૨૫ ડિસેમ્બર, ૨૦૧૭**

**જન્મ સ્થળ : વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

વઢવાણ મુકામે સામાન્ય માલધારી કુટુંબમાં માતા કુંવરબેન અને પિતા રણછોડભાઈ રબારીને ઘેર જન્મ થયો હતો. ચુડામાં એક વખત પૂજ્ય શ્રી રવિશંકર મહારાજ ભૂદાનનો વિચાર લઈને આવ્યા. ચુડા અને વઢવાણ ગામે પશુ દવાખાનામાં કમ્પાઉન્ડર તરીકે સરકારી નોકરી કરી. ભજનના શોખીન સાથે તેઓ લોકસંગીતના લોકગીતોના રેડિયો કાર્યક્રમો આપતા. આકાશવાણીના તેઓ માન્ય કલાકાર હતા. દુહા, છંદ, વાર્તાકથનની આગવી શૈલીમાં રજૂઆત કરતા હતા. પિતાએ ભજનનો આધ્યાત્મિક વારસો અને માતાએ ઘસાઈને ઉજળા થવાની દીક્ષા આપી.


**સાહિત્ય પ્રદાન :**

- ✦ ભગવતી માઁ રવેચી વિષયક રચનાઓ અને મંદિરના શ્રદ્ધા પ્રેરક ઈતિહાસનું પુસ્તક શ્રદ્ધા અને શક્તિ ૧૯૯૩માં પ્રકાશિત કર્યું.
- ✦ ૧૯૭૦ થી ૧૯૭૩ સુધી જન્મભૂમિ પ્રવાસીની કોલમ ત્રોફાવો રૂડાં ત્રાજવા પુસ્તક રૂપે ૧૯૯૫ માં પ્રગટ થઈ.
- ✦ તેમની સંસ્થા મંગલ મંદિર માટે ‘જીરે વટાવડા વાટ’ના સંકલિત પુસ્તક ૨૦૦૪ માં પ્રગટ થયું.
- ✦ ફૂલછાબની પુંજલભાઈની કોલમ ‘ધન્ય ધરા ધન્ય લોક’ની લોક ભોગીય વેદક પ્રેરક લોક વાતોનું પુસ્તક ૨૦૧૪માં પ્રગટ થયું.
- ✦ વિશદ ચારણી છંદો, દોહરા, ભજનોનું પુસ્તક ભજાતોય ભેળીચાવાળી ૨૦૧૫માં પ્રગટ થયું.

પુંજલભાઈએ તેમના જીવન નીચોડ સમુ ૩૧ વિશેષ વિચારોનું ‘પુંજલ રબારીનું વસિયતનામું’ તરીકે આપ્યું. ૧૯૮૦ માં આપેલ એ વિચારો સર્વ કાળ સાંપ્રત છે. જેમાં અતિથિ સન્માન, મૌન ચારિત્ર સેવા, સંગઠન, શ્રદ્ધા, શ્રમ, સત્ય, સ્નેહ, આત્મવિશ્વાસ, નારી સન્માન માટે પ્રેરણા છે અને સ્વાર્થ, કલેશ, પ્રેત ભોજન, વ્યાજ વટાવ, વ્યસન, અસત્ય અને આળસને અતિક્રમી દેવા અનુરોધ છે.

અહર્નિશ વર્ધતામ કબીરવડ જેવો અડીખમ સહુને પોતાની છાયામાં સમાવતો અને શિક્ષણની શીળી ટાઢક આપતો આ પુંજલવડ હતો. ચારણી શૈલીમાં સર્જન, ગાન અને જીવનનું વિવિધ પ્રગટરૂપ એવા લોકગાયક, લોકકથાકાર અને લોકસેવાને સમાજસેવાના કાર્યમાં હર હંમેશ હાજરાહજૂર રહેતા હતાં.

## ◆ નાગજીભાઈ દેસાઈ



**જન્મ : નાગપંચમી શ્રાવણ વદ પાંચમ● સ્વર્ગવાસ : ૨૦ ઓગસ્ટ, ૨૦૧૯**

**જન્મ સ્થળ : માણેકપુર (તા. માણસા)**

**પરિચય :**

નાગજીભાઈ દેસાઈનું મૂળ નામ 'રાયમલ' હતું. તેમનું કર્મક્ષેત્ર સુરેન્દ્રનગર ઝાલાવાડ હતું.

**સાહિત્યક્ષેત્રે પ્રદાન :**

અંધશ્રદ્ધા, વહેમ અને કુરિવાજોથી અકળાઈને ઘર છોડ્યું. નીતિ, પ્રામાણિકતા, જીવદયા, પરિશ્રમ કરૂણા અને માનવીય સંવેદનાઓને ઝંકૃત કરતા સાહિત્યનું સર્જન કર્યું. કેન્દ્રમાં માનવ હોવો જોઈએ એવી દ્રઢ સંકલ્પના સાથે નવી પેઢીમાં સામાજિક ચારિત્ર્ય અને રાષ્ટ્રીય ચારિત્ર નિર્માણ થાય એવા સાહિત્યને સામાજિક નિસબત સાથે ગ્રંથસ્થ કર્યું. અનાથાશ્રમને બાલાશ્રમમાં પરિવર્તિત કરી અનાથ બાળકોની વ્યથાકથાને સાહિત્ય સ્વરૂપ આપ્યું. બાલ આશ્રમ, લોક વિદ્યાલય, માનવ મંદિર મૈત્રી વિદ્યાપીઠ અને શબ્દલોક જેવી સંસ્થાનું સફળ નેતૃત્વ કરી કેળવણી ક્ષેત્રે આદરભર્યું સ્થાન પામ્યા. વ્યક્તિમાં રહેલી શ્રેષ્ઠતાને બહાર આણવા પ્રયત્નશીલ રહી શિક્ષણ દ્વારા જ સમાજ બદલાય એ સિદ્ધ કર્યું. કન્યા કેળવણીને પ્રાધાન્ય આપ્યું .

**પ્રસિદ્ધ સાહિત્ય કૃતિઓ :**

૧. મારૂ કેળવણીનું દર્શન (૧૯૯૪)
૨. છાત્રોને ૩૦ પત્રો (૨૦૦૦)
૩. મારી કરમ કથની (૨૦૦૧)
૪. હૈયું અને હુંફ (૨૦૦૫)
૫. શિક્ષણ સંવાદ (૨૦૦૬)
૬. દીઠા મેં.....કપૂરના દીવા (૨૦૦૬)
૭. શાળામાં ગીત ગુંજન (૨૦૦૭)
૮. એવોર્ડ (૨૦૦૮)
૯. છાત્રાલય હૂંફાલય (૨૦૦૯)
૧૦. હસ્તાક્ષર (૨૦૧૧)

**પારિતોષિકો :**

ગુજરાત સરકાર સમાજ કલ્યાણ ખાતુ, ગાંધીનગર

દર્શક શિક્ષણ એવોર્ડ ...અમદાવાદ.


ગુજરાત વિદ્યા વિકાસ ટ્રસ્ટ, અમદાવાદ - સારસ્વત ગૌરવ એવોર્ડ.

અચલા એજ્યુકેશન ફાઉન્ડેશન ટ્રસ્ટ અમદાવાદ.

પૂજ્ય મોટા આશ્રમ નડિયાદ.

અંજારિયા એવોર્ડ કચ્છ ભુજ.

## ◆ કનૈયાલાલ રામાનુજ



જન્મ : ૧૯૩૮

સ્વર્ગવાસ : ૨૦૦૨

જન્મ સ્થળ : ભડવાણા (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

કનૈયાલાલ લક્ષ્મીરામ રામાનુજ (૧૯૩૮-૨૦૦૨) ગુજરાતી સાહિત્યના એક પ્રતિષ્ઠિત અને લોકપ્રિય લેખક હતા. તેમનો જન્મ સુરેન્દ્રનગર જિલ્લાના ભડવાણા ગામમાં થયો હતો. વ્યવસાયે શિક્ષક હોવા છતાં, તેમણે પોતાની કલમ દ્વારા સાહિત્ય જગતમાં એક વિશિષ્ટ ઓળખ ઊભી કરી હતી.

**સાહિત્ય પ્રદાન :**

તેમનું સાહિત્યિક પ્રદાન મુખ્યત્વે રહસ્ય, રોમાંચ અને આધ્યાત્મિકતાની આસપાસ વણાયેલું છે. તેઓ ખાસ કરીને 'અઘોર જંગલનાં અઘોરી સાધુઓ' જેવી કૃતિઓ માટે જાણીતા છે, જેમાં તેમણે હિમાલય અને ભારતના ગહન જંગલોમાં વસતા અઘોરી સાધુઓના રહસ્યમય જીવન અને તેમની ગુપ્ત સાધનાઓ પર પ્રકાશ પાડ્યો છે.

**મુખ્ય કૃતિઓ અને લેખન શૈલી :**

તેમણે વન્યજીવન અને સાહસ પર આધારિત 'સાવજનું અપમાન' અને 'રીંછ-દરબારમાં અગિયાર રાતો' જેવી નોંધપાત્ર કૃતિઓ આપી છે. આ ઉપરાંત, 'અપંગ તનનાં પણ મનનાં નહીં' અને આધ્યાત્મિક રહસ્યોને આલેખતું 'ચમત્કારીક અનુભવો' તેમના જાણીતા પુસ્તકો છે. તેમની લેખન શૈલીની વિશેષતા એ છે કે તેમની ભાષા અત્યંત સરળ હોવા છતાં વિષયવસ્તુ ગહન હોય છે. તેઓ વાચકોને એક એવા અજાણ્યા જગતની સફરે લઈ જાય છે જેના વિશે સામાન્ય લોકો ખૂબ ઓછું જાણતા હોય છે.

કનૈયાલાલ રામાનુજે પોતાનું મોટાભાગનું જીવન સાહિત્ય સર્જન અને વિવિધ વિષયો પર સંશોધન કરવામાં વિતાવ્યું હતું. સત્ય ઘટનાઓ અને માનવ મનના ગહન પાસાઓને જકડી રાખવાની તેમની અદભૂત ક્ષમતાને કારણે આજે પણ તેમના પુસ્તકો ઓનલાઇન પ્લેટફોર્મ પર ખૂબ જ લોકપ્રિય છે. આધ્યાત્મિકતા અને રોમાંચના અનોખા સંગમ દ્વારા તેમણે ગુજરાતી વાચકોના હૃદયમાં કાયમી સ્થાન બનાવ્યું છે.

## ◆ કુસુમબેન ભૂપેન્દ્રભાઈ દવે



**જન્મ : ૧૨ જાન્યુઆરી, ૧૯૪૧ ● સ્વર્ગવાસ : ૪ જૂન, ૨૦૧૯**
**જન્મ સ્થળ : શિયાણી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

કુસુમબેન દવે બાળ સાહિત્યની દુનિયામાં એક ગૌરવપ્રદ નામ. તેમણે ગુજરાતી સાહિત્યની નોંધપાત્ર સેવાઓ કરી છે. જાણીતા પ્રકાશકો દ્વારા તેમના અનેક પ્રકાશનો, અનેક પુસ્તકો પ્રસિદ્ધ થયા છે. તેમના પિતાશ્રી છગનલાલ દવે સ્વાતંત્ર્યસેનાની હતા.

ગુજરાતના કિશોરોને સાહસવૃત્તિ કેળવીને નિર્ભય બનાવવાના ગુણો વિકસાવવામાં મદદરૂપ આ બધા પુસ્તકો છે. તેમાં સાહસકથાઓ, દેશપ્રેમની કથાઓ, પ્રાણીકથાઓ, પક્ષીકથાઓ, પરીકથાઓ અને ચતુરાઈની પ્રેરક કથાઓ પણ છે. આ સાહસ, જ્ઞાન, બુદ્ધિ અને ચતુરાઈની કથાઓ બાળકો સમજી શકે એવી સરળ ભાષામાં સચિત્ર રીતે આપી છે.

**તેમનાં પુસ્તકોની આછેરી ઝલક :**

- ✦ અલકમલકની લોકકથાઓ (ભાગ-૫)
- ✦ જે કર ઝુલાવે પારણું
- ✦ પરમવીર ચક્ર (ભાગ-૪)
- ✦ લોક લોકની વાત (ભાગ-૩)
- ✦ ખમ્મા વીરાને
- ✦ સાંભળ મારા છૈયા
- ✦ ગાજે જંગલ ગીર તણાં
- ✦ મનભાવન કિશોર કથાઓ (ભાગ-૨)
- ✦ જમીન - આસમાન
- ✦ મોતીનો મહેલ (બાળવાર્તા)
- ✦ પશુ-પંખીની પ્રેરક કથાઓ (ભાગ-૫)
- ✦ ભારત માતાના દુલારા
- ✦ આદર્શ દષ્ટાંત કથાઓ
- ✦ પાંચ લોકકથાઓ

**પારિતોષિકો અને સન્માન :**

- ✦ અલકમલકની લોકકથાઓ અને મનભાવન કિશોર કથાઓને ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા બાળ સાહિત્યના શ્રેષ્ઠ પુસ્તકો તરીકે એવોર્ડ આપવામાં આવ્યા છે.
- ✦ સુરેન્દ્રનગરની શબ્દલોક સંસ્થા દ્વારા યોજાયેલ નવલિકા લેખન સ્પર્ધામાં દ્વિતીય ઈનામ.
- ✦ શ્રેષ્ઠ બાળકથા લેખન માટે 'વિક્રમ' એવોર્ડ એનાયત કરવામાં આવ્યો.
- ✦ ચુડા ખાતે યોજાયેલ મીન પિયાસી અભિવાદન સમારંભમાં બાળ સાહિત્યકાર તરીકે 'ચુડા રત્ન ચંદ્રક' આપીને પૂ. મોરારિબાપુના હસ્તે અભિવાદન કરવામાં આવ્યું હતું.

## ◆ ગણેશભાઈ સિંધવ 'બાદલ'



**જન્મ : ૧ ઓગસ્ટ, ૧૯૪૧**

**સ્વર્ગવાસ : ૧૯ ડિસેમ્બર, ૨૦૨૫**

**જન્મ સ્થળ : મુંજપર તા. વઢવાણ (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

અભ્યાસ : એસ.એસ.સી., ડિપ્લોમા ઇન બેઝિક એજ્યુકેશન (સેવાગ્રામ, વર્ધા), શિક્ષક તાલીમ (ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ)

વ્યવસાય : પી.ટી.સી. ટ્રેનિંગ કોલેજમાં શિક્ષણ અધ્યાપક

**સાહિત્યિક અને સામાજિક પ્રદાન :**

બાદલની સાહિત્યિક સફર ૧૯૬૦ના દાયકામાં 'ગાવ રે ગીત' થી શરૂ થઈ હતી. તેમણે અંદાજે ૩૦ જેટલા પુસ્તકો આપ્યા છે, જેમાં 'સ્વમાનની સંવેદના' તેમનું છેલ્લું પુસ્તક હતું. તેમણે સાહિત્યની સાથે સામાજિક ક્ષેત્રે પણ મોટું યોગદાન આપ્યું છે. અમદાવાદના નારણપુરા વિસ્તારમાં ૩૦ વર્ષ સુધી બાલવાડી, મેડિકલ કેમ્પ અને સ્ત્રી સશક્તિકરણના કાર્યો કર્યા. ૧૯૬૦ના દાયકામાં ભૂદાન પદયાત્રા દરમિયાન વિનોબા ભાવે સાથે પદયાત્રા કરી હતી.

**સાહિત્ય પ્રદાન (પુસ્તકો) :**

ગાવ રે ગીત (બાલગીતો), વેણુ વાગી રે (ઉર્મિ ગીત), પપ્પાનો થપ્પો (જોડકણાં), ઝૂલણ મોરલી વાગી (લોકગીતોનું સંપાદન), અંધારા ઉલેચીએ (સમાજલક્ષી), ગ્રસ્તોદય (નિબંધ), બંધ દિશાનો ઉઘાડ (ચરિત્ર), ધૂપસળી (સુભાષિતો), સ્વપ્નોત્સવ (કવિતાસંગ્રહ), અમેરિકાના અંતરંગ (પ્રવાસ), અકબંધ રહસ્ય (નવલકથા) જેવા ૩૦ પુસ્તકો લખ્યા છે.

**એવોર્ડ અને સન્માન :**

✦ આશીર્વાદ ફાઉન્ડેશન, અમદાવાદ દ્વારા 'ધરતી રત્ન એવોર્ડ' (૨૦૨૩)

✦ સાહિત્યરત્ન એવોર્ડ (૨૦૨૪)

✦ કર્મશીલ એવોર્ડ (૨૦૨૫) : સુરેન્દ્રનગરની સંસ્થા દ્વારા.

✦ પુસ્તક 'ગીત લેજો રે ગીત'ને ગુજરાત સરકાર દ્વારા બાલ સાહિત્ય શ્રેણીમાં પુરસ્કૃત કરવામાં આવ્યું હતું.

## ◆ રમેશ આચાર્ય



**જન્મ : ૫ નવેમ્બર, ૧૯૪૨**

**સ્વર્ગવાસ : ૨૫ માર્ચ, ૨૦૨૫**

**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

ગુજરાતી કાવ્ય સાહિત્યમાં પોતાની મૌલિક કેડી કંડારનાર કવિ શ્રી રમેશ આચાર્ય, રંભાબેન અને રવિશંકરભાઈના પુત્ર અને વ્યવસાયે નિવૃત્ત બેંક ઓફિસર હતા, પરંતુ તેમનું હૃદય હંમેશા સાહિત્યની સેવામાં પરોવાયેલું રહ્યું.

**કાવ્યદર્શન અને ફિલસૂફી :**

રમેશ આચાર્ય માનતા કે કાવ્ય-સર્જન એ ‘સ્વાનુભવરસિત’ હોવું જોઈએ. તેઓ પરંપરાને સમૃદ્ધ કરવાની સાથે જરૂર પડે ત્યારે અન્ય કવિઓથી અલગ ચાલીને પોતાની વિશિષ્ટ ઓળખ ઊભી કરવા મથતા રહ્યા છે. તેમની ગઝલોમાં માતૃપ્રેમ અને જીવનના ગૂઢસત્યોનું સુંદર નિરૂપણ જોવા મળે છે.

**સાહિત્યિક પ્રદાન (પુસ્તકો) :**

તેમણે કુલ ૧૧ પુસ્તકો આપ્યા છે. જેમાં છ કાવ્યસંગ્રહો અને પાંચ સંપાદનોનો સમાવેશ થાય છે.

૧. ક્રમશઃ (૧૯૭૮)

૨. હાઈફન (૧૯૮૨)

૩. મેં ઇચ્છાઓ સૂકાવા મૂકી છે (૨૦૦૮)

૪. ઘર બદલવાનું કારણ (૨૦૧૩)

૫. પાથરણાવાળો (૨૦૧૫), ડોકે ચાવી બાંધેલ કાગડો (૨૦૧૭)

આ પુસ્તકને ગુજરાતી સાહિત્ય પરિષદનું ઉત્તમ પુસ્તક પારિતોષિક મળેલ છે.

**સન્માનો અને એવોર્ડ્સ :**


✦ સાહિત્ય પ્રત્યેની તેમની નિષ્ઠાને અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ દ્વારા નવાજવામાં આવી છે.

✦ ઉમાશંકર જોષી એવોર્ડ (૨૦૦૯)

✦ કવીશ્વર દલપતરામ એવોર્ડ (૨૦૧૫)

✦ જયંત પાઠક એવોર્ડ (૨૦૧૭-૨૦૨૧)

## ◆ ઊજમશી પરમાર



**જન્મ : ૧૧ જૂન, ૧૯૪૩ ● સ્વર્ગવાસ : ૮ જાન્યુઆરી, ૨૦૧૮**
**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

ગુજરાતી સાહિત્યના સમર્થ વાર્તાકાર ઊજમશી પરમારનો જન્મ ૧૧ જૂન, ૧૯૪૩ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના લીંબડી ખાતે થયો હતો. તેમણે ૧૯૬૦માં એસ.એસ.સી. પાસ કરી અને ત્યારબાદ ૧૯૬૪માં ડ્રૉઈંગ ટીચર્સ સર્ટિફિકેટ કોર્સ પૂર્ણ કર્યો હતો. વ્યવસાયિક જીવનમાં તેમણે ૧૯૬૫ થી ૧૯૯૭ સુધી અમદાવાદ અને ગાંધીનગર જેવાં શહેરોમાં સરકારી વિભાગમાં ટ્રેસરથી લઈને ડ્રાફ્ટ્સમૅન સુધીની સેવાઓ આપી હતી. સાહિત્ય ઉપરાંત તેમને ચિત્રકળા, માટીકામ, ભીંતશિલ્પો અને ભરતકામ જેવી લલિતકળાઓમાં પણ ઊંડો રસ હતો. તેમના સાહિત્યિક ઘડતરમાં તેમના તેજસ્વી મોટાભાઈ બળદેવભાઈ અને કવિ હરિકૃષ્ણ પાઠકનો વિશેષ પ્રભાવ રહ્યો હતો.

**સાહિત્યિક સર્જન અને સિદ્ધિઓ :**

ઊજમશી પરમારની સાહિત્યિક યાત્રા મુખ્યત્વે ટૂંકી વાર્તાઓથી શરૂ થઈ હતી. તેમના પ્રમુખ વાર્તાસંગ્રહો નીચે મુજબ છે :

- ✦ ઊંચી જાર નીચાં માનવી (૧૯૭૫) : આ તેમનો પ્રથમ વાર્તાસંગ્રહ હતો, જેને ગુજરાત સરકારનું દ્વિતીય પારિતોષિક પ્રાપ્ત થયું હતું અને સાહિત્યજગતમાં તેમને પ્રતિષ્ઠા અપાવી હતી.
- ✦ ટેટ્રાપોડ (૧૯૮૪) : આ સંગ્રહને ગુજરાત સાહિત્ય અકાદમીનું પ્રથમ પારિતોષિક મળ્યું હતું.
- ✦ અન્ય સંગ્રહો : 'પટારો' (૧૯૯૮) અને 'લાખમાંથી એક ચહેરો' (૨૦૦૯).
- ✦ તેમની વાર્તાઓના કેન્દ્રમાં ગામડું અને ગ્રામીણ માનવીની સંવેદનાઓ રહી છે. તળપદી ભાષા, પ્રાદેશિક વાતાવરણ અને સ્ત્રી હૃદયની અતૃપ્ત મનોવ્યથાનું તેમણે આબેહૂબ નિરૂપણ કર્યું છે.


**કવિતા, નવલકથા અને અનુવાદ :**

માત્ર વાર્તા પૂરતું મર્યાદિત ન રહેતા, તેમણે અન્ય સાહિત્ય પ્રકારોમાં પણ ખેડાણ કર્યું છે :

- ✦ કવિતાઃ ૨૦03માં તેમનો ગીતસંગ્રહ 'ઘટમાં ઝાલર બાજે' પ્રકાશિત થયો, જેમાં ૮૪ ગીતો સંગ્રહિત છે. આ ગીતોમાં વતનપ્રેમ, પ્રકૃતિ અને સ્મૃતિઓનો તાજગીભર્યો અહેસાસ જોવા મળે છે.
- ✦ નવલકથા : ૨૦૧૩માં તેમણે 'જન્મારો' નામની નવલકથા આપી હતી.
- ✦ અનુવાદ : તેમણે કે.પી. કેશવમેનનની આત્મકથા 'અતીત કે દિન'નો સુંદર ગુજરાતી અનુવાદ પણ કર્યો હતો.

ટૂંકમાં, ઊજમશી પરમાર તળપદા જીવનના અને માનવીય સંબંધોના સંવેદનશીલ સર્જક હતા.

## ◆ ભૂપતરાય ઠાકર 'ઉપાસક'



**જન્મ : ૧૩ જુલાઈ, ૧૯૪૩ • સ્વર્ગવાસ : ૨૪ મે, ૨૦૨૪**

**જન્મ સ્થળ : રાજસીતાપુર (સુરેન્દ્રનગર)**

**પરિચય :**

સાહિત્યકાર અને સંસ્કૃતિના ઉપાસક શ્રી ભૂપતરાય મોહનલાલ ઠાકર 'ઉપાસક'નો પરિચય નીચે મુજબ છે. ભૂપતરાય ઠાકરનો જન્મ ૧૩ જુલાઈ, ૧૯૪૩ ના રોજ સુરેન્દ્રનગર જિલ્લાના રાજસીતાપુર ગામે થયો હતો. તેમનું વતન હળવદ છે. તેમણે ગુજરાત વિદ્યાપીઠમાંથી ૧૯૬૯માં બી.એ., બી.એડ્. (ગુજરાતી-હિન્દી)ની પદવી મેળવી હતી. આ ઉપરાંત તેમણે સંસ્કૃતમાં 'વિશારદ' અને હિન્દીમાં 'કોવિદ', 'સેવક' તથા 'વિનીત' જેવી ઉપાધિઓ પ્રાપ્ત કરી હતી. તેઓ નવી શિક્ષણ નીતિના તજજ્ઞ તરીકે પણ જાણીતા છે.

**સાહિત્યિક પ્રદાન :**

તેમણે ગુજરાતી સાહિત્યના પ્રતિષ્ઠિત સામયિકો જેવા કે 'પરબ', 'શબ્દસૃષ્ટિ', 'નવનીત સમર્પણ' અને મુખ્ય દૈનિકોમાં વિપુલ લેખન કર્યું છે. 'જય હિન્દ' દૈનિકમાં તેમની લોકપ્રિય કોલમ 'જીવનની સુખમય ક્ષણો' સાપ્તાહિક ધોરણે પ્રકાશિત થાય છે.

**મુખ્ય પુસ્તકો :**

તેમણે ૨૧થી વધુ પુસ્તકો આપ્યા છે, જેમાં મુખ્ય છેઃ

- 'આલબમનાં પાના' (૧૯૮૫) - જેનું બ્રેઈલ લિપિમાં પણ રૂપાંતર થયું છે.
- 'અનુભૂતિની ઓળખ' (૧૯૮૭), 'લોક સંસ્કૃતિના લાડકવાયા' (૧૯૮૯).
- 'એક ખોબો આકાશ' (૧૯૯૯), 'સૌરાષ્ટ્રની સંપદા' (૨૦૦૪).
- 'ધ્રાંગધ્રાની નગરયાત્રા' અને 'જય દેવ' (૨૦૧૩).


**સાંસ્કૃતિક અને કલા પ્રદાન :**

તેઓ આકાશવાણી રાજકોટ અને દૂરદર્શન સાથે જોડાયેલા રહ્યા છે. રંગમંચ પર તેમણે ૧૮ જેટલા એકાંકીઓમાં અભિનય કર્યો છે અને ૧૪ જેટલા ભવાઈના પ્રયોગો દ્વારા 'રંગલા'નું બિરૂદ મેળવ્યું છે. તેઓ મહાત્મા ગાંધી અને ગઢવી જેવી હૂબહૂ પ્રતિકૃતિઓ રજૂ કરવા માટે પણ જાણીતા છે.

**સન્માન :**

તેમને કચ્છ-સૌરાષ્ટ્ર બ્રહ્મસમાજ દ્વારા 'રજતચંદ્રક'થી સન્માનિત કરવામાં આવ્યા છે. વળી, દિલ્હી ખાતે માનવ સંસાધન વિકાસ મંત્રાલયમાં રાષ્ટ્રીય પ્રશાસનિક શબ્દાવલી પર કાર્ય કરવા માટે પણ તેમની પસંદગી થઈ હતી.

## ◆ વિનોદ વ્યાસ 'અમર'



**જન્મ : ૨ માર્ચ, ૧૯૪૪**

**સ્વર્ગવાસ : ૧૧ ઓક્ટોબર, ૨૦૧૬**

**જન્મ સ્થળ : રાજસીતાપુર (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

વિનોદભાઈ હરિલાલ વ્યાસનું તખલ્લુસ 'અમર' હતું. તેમની માતાનું નામ ચંપાબેન હરિલાલ વ્યાસ હતું. તેઓ વ્યવસાયે શિક્ષક હતાં.

**સાહિત્ય ક્ષેત્રે પ્રદાન :**

માત્ર ૧૩ વર્ષની લઘુવયે કાવ્યલેખન શરૂ કરેલ. મોટાભાગની રચના સ્વકંઠે ગાઈને અભિવ્યક્ત કરતા હતા. શીઘ્ર કવિ તરીકે પ્રશંસા પામ્યા છે. ૧૯૬૬માં પ્રથમ કાવ્યસંગ્રહ પ્રગટ થયો હતો. કટુડા ગામ સાથે તેમનો વિશેષ લગાવ રહ્યો હતો. મોટા ભાગનું કવિકર્મ કટુડામાં થયેલું છે.

**પ્રસિદ્ધ સાહિત્ય કૃતિઓ :**

૧. વતન કી પુકાર

૨. નજરાના

૩. અભિયાન ના પડઘા

૪. અક્ષરના અજવાળા

**મળેલ પારિતોષિક :**

- ઝાલાવાડ ગૌરવ પુરસ્કાર
- કવિ પરિમલકાન્ત રાવલ સાહિત્ય પુરસ્કાર
- ઝાલાવાડ એકતા સમિતિ દ્વારા મરણોતર એવોર્ડ ૨૦૨૪

**વિશેષ ઉપલબ્ધિ :**

- ૧૨,૦૦૦ કરતાં વધારે કાવ્યોની રચના કરી છે.
- ગુજરાતી ફિલ્મ જાલમસંગ જાડેજાના ગીતકાર તરીકે પોંખાયા છે.
- 'રા'નવઘણ' ફિલ્મમાં વાંસળી વાદનનું કામ કર્યું છે.
- બેન્જો અને વાંસળી સરસ વગાડી શકતા હતા.
- કવિલોક, અખંડ આનંદ, દિવાળી વિશેષાંકમાં કૃતિઓ પ્રસિદ્ધ થઈ છે.
- રાજકોટ આકાશવાણી કેન્દ્રમાં ૧૬૦૦ થી વધુ કાવ્યપાઠ કર્યા છે .

## ◆ સુમંત રાવલ 'નિખાલસ'

**જન્મ : ૧૪ નવેમ્બર, ૧૯૪૫**

**સ્વર્ગવાસ : ૨૪ એપ્રિલ, ૨૦૧૯**

**જન્મ સ્થળ : પાળીયાદ (જિ. બોટાદ)**



**પરિચય :**

બાળપણથી જ વાંચન, લેખન અને ગાયનના શોખીન સુમંતભાઈ પર સાહિત્યકાર ચંદ્રકાંત બક્ષીનો ઊંડો પ્રભાવ હતો. તેમણે લેખનનો પ્રારંભ કોલેજકાળ દરમિયાન કર્યો હતો. તેમની પ્રથમ વાર્તા 'વેઈટર નંબર ત્રણ' ૧૯૬૮માં 'આરામ' સામયિકમાં પ્રસિદ્ધ થઈ હતી. સુમંત રાવલ સામાન્ય વાચકો માટે રહસ્ય-રોમાંચ અને સાહિત્યિક વાચકો માટે મનોવૈજ્ઞાનિક સ્તરની કલાત્મક વાર્તાઓ લખનારા વિલક્ષણ સર્જક હતા.

**સાહિત્ય સર્જન :**

તેમણે ગુજરાતી સાહિત્યને કુલ ૩૨ પુસ્તકોની ભેટ આપી છે. તેમના સર્જનના મુખ્ય પાસાઓ નીચે મુજબ છે.

- ✦ નવલકથા : કુલ ૨૨ નવલકથાઓ (જેમાં પાંચ લઘુનવલ સામેલ છે).
- ✦ મુખ્ય કૃતિઓ : 'સાયંકાળ, ગોકીરો', 'અનાથાવતાર', 'નાતો' અને 'શ્વાસ નામે જિંદગી'.
- ✦ વાર્તા સંગ્રહ : ૭ સંગ્રહોમાં કુલ ૧૦૬ વાર્તાઓ. જેમાં 'ઘટનાલય', 'શિલાખેલ' અને 'કથા કલરવ' મુખ્ય છે.
- ✦ કટાર લેખન : તેઓ 'દિવ્ય ભાસ્કર', 'સંદેશ', 'ગુજરાત મિત્ર' અને 'ફુલછાબ' જેવા પ્રતિષ્ઠિત અખબારોમાં લોકપ્રિય કટારલેખક હતા.
- ✦ અન્ય : તેમણે 'કોરા કેનવાસના રેખાચિત્રો' માં સંસ્મરણો અને 'ઘરથી સિનેમા સુધી' માં ફિલ્મ આસ્વાદ રજૂ કર્યો છે. તેમની વાર્તાઓનો હિન્દી અને તેલુગુ ભાષામાં પણ અનુવાદ થયો છે.

**સન્માન અને પારિતોષિક :**

- ✦ સવિતા વાર્તા સ્પર્ધા : 'ચાડિયો' વાર્તા માટે સુવર્ણચંદ્રક.
- ✦ ગુજરાતી સાહિત્ય અકાદમી : 'ઘટનાલય' વાર્તા સંગ્રહ માટે દ્વિતીય પારિતોષિક (૧૯૯૨).
- ✦ ગુજરાત સાહિત્ય પરિષદ : 'કથા કલરવ' માટે તૃતીય પારિતોષિક (૨૦૦૯).
- ✦ પ્રગતિ મિત્ર મંડળ દ્વારા 'સ્પર્શ' વાર્તા માટે દ્વિતીય પારિતોષિક.

## ◆ ચંદ્રકાન્ત નિર્મલ



**જન્મ : ૨૦ નવેમ્બર, ૧૯૫૦**
**સ્વર્ગવાસ : ૧૨ એપ્રિલ, ૨૦૨૧**
**જન્મ સ્થળ : લીંબડી (જિ. સુરેન્દ્રનગર)**

**પરિચય :**

લીંબડીના વતની શ્રી ચંદ્રકાન્ત નિર્મલ એક બહુમુખી પ્રતિભા ધરાવતા વ્યક્તિ હતા. તેઓ માત્ર એક સફળ બિઝનેસમેન અને ૪૨ વર્ષ સુધી સેવા આપનાર નિપુણ વીમા એજન્ટ જ નહીં, પરંતુ ગુજરાતી સાહિત્યના એક આદરણીય પ્રયોગશીલ કવિ અને લઘુકથાકાર પણ હતા. પિતાની અખબાર એજન્સીનાં છાપા નાખતી વખતે જાગેલો વાચનનો શોખ તેમને સાહિત્ય સર્જન તરફ દોરી ગયો. ૧૯૭૭માં પ્રથમ ગીત 'સંસાર વિણા'થી શરૂ થયેલી તેમની લેખનયાત્રા જીવનના અંત સુધી અવિરત રહી.

**સાહિત્યિક પ્રદાન :**

તેમણે ગુજરાતી સાહિત્યમાં ૧૫થી વધુ પુસ્તકોનું પ્રદાન કર્યું છે. જેમાં મુખ્યત્વેઃ

- ✦ કાવ્ય સંગ્રહો : 'સ્પંદન', 'સંવેદન', 'સંકલન', 'સમ અર્ચન', 'સૂર્યમ્', 'શૂન્યમ્' અને 'વંદનમ્'.
- ✦ અન્ય 'સહજ હાઇકૂ સંગ્રહ', 'વૈરૂધ્ય' (લઘુકથા સંગ્રહ) અને નિમ્બાર્ક સંપ્રદાયના ગ્રંથોના અનુવાદ.

તેમની રચનાઓ હિન્દી અને બિકાનેરી ભાષામાં પણ અનુવાદિત થઈ છે. તેમણે વીમા વ્યવસાયને લગતા કાવ્યો અને 'કોફી ટેબલબુક' પ્રકાશિત કરવાનો નવો પ્રયોગ કર્યો હતો.

**સન્માન અને વિશેષતા :**

સાહિત્યિક સેવાઓ બદલ તેમને 'દિવ્ય ભાસ્કર' તરફથી સૌગંધ પ્રથમ પુરસ્કાર, વિવેકાનંદ રિસર્ચ ઇન્સ્ટીટ્યૂટ-માંડવી દ્વારા સન્માન અને કવિ પરિમલકાન્ત રાવલ સ્મૃતિ એવોર્ડ જેવા અનેક પ્રતિષ્ઠિત એવોર્ડ્સ મળ્યા હતા. તેઓ ફોટોગ્રાફીના શોખીન હતા અને મહાનુભાવોને તેમની જન્મ-મૃત્યુની તારીખ ધરાવતી કરન્સી નોટો ભેટ આપવાનો અનોખો શોખ ધરાવતા હતા. સરળ અને સંવેદનશીલ પ્રકૃતિના નિર્મલજી સાચા અર્થમાં મોસમી મોજ માણતા કવિ હતા.



## ◆ અતુલકુમાર વ્યાસ

જન્મ : ૧૧ માર્ચ, ૧૯૭૦ • સ્વર્ગવાસ : ૨૧ માર્ચ, ૨૦૨૧

જન્મ સ્થળ : લખતર (જિ. સુરેન્દ્રનગર)

**પરિચય :**

અતુલભાઈ વ્યાસ સાહિત્ય અને કર્મનો સંગમ હતાં. અતુલભાઈ વ્યાસ ગુજરાતી સાહિત્ય જગતના એક પ્રતિભાશાળી નવલકથાકાર, વાર્તાકાર અને કર્મનિષ્ઠ વ્યક્તિ હતાં. અતુલભાઈનું વતન સુરેન્દ્રનગર જિલ્લાનું ધ્રાંગધ્રા હતું. એમ.કોમ. અને એલ.એલ.બી. જેવી ઉચ્ચ શૈક્ષણિક પદવીઓ ધરાવવા છતાં, તેમણે કારકિર્દીની શરૂઆત પત્રકારત્વના ક્ષેત્રથી અત્યંત સામાન્ય પગારથી કરી હતી. ત્યારબાદ, તેઓ ભારતીય જીવન વીમા નિગમ (LIC) માં ઉચ્ચશ્રેણી વહીવટી સહાયક તરીકે સ્થાયી થયા. લેખન સિવાય અતુલભાઈ જ્યોતિષશાસ્ત્રના પણ ઊંડા અભ્યાસુ હતા અને દર વર્ષે સંદેશના પંચાંગમાં તેમના લેખો સ્થાન પામતા હતા. તેઓ સુરેન્દ્રનગરની વિવિધ શૈક્ષણિક અને તબીબી સંસ્થાઓ સાથે જોડાઈને સમાજસેવા અને યુવા પ્રવૃત્તિઓમાં સક્રિય રહેતા હતા. ગ્રામીણ અને શહેરી એમ બંને પરિવેશના અનુભવને કારણે તેમની લેખનશૈલી વાચકોમાં ખૂબ લોકપ્રિય છે. પિતાની માંદગીમાં તેમની શ્રવણ જેવી સેવા અને સંઘર્ષમય જીવન તેમને 'સ્વકર્મ સૂત્રેણ ગ્રંથિતા'ના સૂત્રને સાર્થક કરતા સાચા સાધક બનાવે છે.

**સાહિત્યિક પ્રદાન :**

અતુલ વ્યાસની કલમ બહુમુખી છે. તેમના સાહિત્યિક સર્જનની મુખ્ય વિગતો નીચે મુજબ છે.

- પુસ્તકો : તેમણે અત્યાર સુધીમાં ૧૫ નવલકથાઓ અને કુલ ૨૧ પુસ્તકો આપ્યા છે. 'અજ્ઞાતવાસ' તેમની નોંધપાત્ર નવલકથા છે, જ્યારે 'જીવનરેખા' તેમની ૧૫મી અને અત્યંત લોકપ્રિય નવલકથા છે.
- ટૂંકી વાર્તાઓ : વિવિધ અગ્રણી અખબારો અને સામયિકોમાં તેમની ૪૫૦થી વધુ વાર્તાઓ પ્રકાશિત થઈ છે.
- અન્ય ક્ષેત્રો : સાહિત્ય ઉપરાંત તેમણે નાટ્ય લેખન, દિગ્દર્શન, અને સુગમ સંગીતના આલ્બમો માટે ગીત લેખન પણ કર્યું હતું.

**સિદ્ધિઓ અને સન્માન :**

ભાનુભાઈ શુક્લની સ્મૃતિમાં 'સુરેન્દ્રનગરનું સોનું' એવોર્ડ મળેલો છે. તેમની સાહિત્યિક ક્ષમતાને કારણે તેમને અનેક એવોર્ડ્સ મળ્યા હતાં. વર્ષ ૨૦૧૦માં તેમને પ્રતિષ્ઠિત 'ધૂમકેતુ એવોર્ડ' એનાયત કરવામાં આવ્યો હતો. ગુજરાત સમાચારની વાર્તા સ્પર્ધામાં ૧૭૫૯ વાર્તાઓમાંથી પસંદગી પામનાર તેઓ સૌરાષ્ટ્રના એકમાત્ર વાર્તાકાર હતા.

# ઝાલાવાડના દિવંગત શબ્દસાધકો



## જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન–સુરેન્દ્રનગર

મુદ્રણ : સુરેન્દ્રનગર જિલ્લા સહકારી મુદ્રણાલય લી., મો. ૯૮૨૪૫ ૯૮૦૩૫

Design: Jay Jalaram Com. 94274 94633